

P.07

બાવન વર્ષની વયે મલાઈકા આઈટમ સોંગમાં । બે કરોડની ફી વસૂલી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૭૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 76 • Dt.17-10-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

શ્રદ્ધાની સતી પ્રથા પરની પહાડપાંગિરાનું આવતાં વર્ષે શૂટિંગ



બ્રિટને રશિયાની ઓઈલ કંપનીઓ સામે મૂક્યો પ્રતિબંધ । ભારતની કંપની સામે પણ કાર્યવાહી 07






17

OCTOBER- 2025

FRIDAY


07 હવે અંતરિક્ષમાં પણ ટ્રાફિક જામ । સેટેલાઈટનો ખડકલો સર્જાતા અકસ્માતની સંભાવના વધી






The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234




## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિવાયના તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા

જગદીશ વિશ્વકર્મા સહિત કુલ ૧૬ મંત્રીએ રાજીનામાં આપ્યા છે. રસપ્રદ બાબત એ છે કે મુખ્યમંત્રીએ મંત્રીઓ પાસે રાજીનામું માંગ્યું ન હતું. મુખ્યમંત્રી સાથે તમામ નેતાઓની બેઠક પૂર્ણ થઈ ગઈ છે, અને અહેવાલો મુજબ, બેઠક શરૂ થાય તે પહેલાં જ રાજીનામાંનું એક ફોર્મ તૈયાર રાખવામાં આવ્યું હતું, જેના પર મંત્રીઓએ માત્ર સહી કરવાની હતી. હવે, આ મંત્રીઓએ આપેલા રાજીનામાં રાજ્યપાલને સોંપવામાં આવશે, અને આ સંદર્ભમાં મુખ્યમંત્રી એક પત્ર રાજ્યપાલને સુપરત કરશે. આ સૌથી મોટા રાજકીય પરિવર્તન વચ્ચે ભારતીય જનતા પાર્ટી ફરી એકવાર ૨૦૨૧ની માફક 'નો-રિપીટ' થિયરીની ફોર્મ્યુલા લાગુ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટા ભાગના વર્તમાન મંત્રીઓને આ વખતે પડતા મૂકવામાં આવે તેવી શક્યતા છે.મળતી માહિતી મુજબ, આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી, જેમાં તમામ મંત્રીઓએ સામૂહિક રીતે રાજીનામા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ હવે સૌની નજર નવા મંત્રીમંડળની જાહેરાત પર ટકેલી છે.રાજ્યમાં બે તબક્કામાં થઈ રહેલા મતદાન બાદ ૮મી ડિસેમ્બરે પરિણામ જાહેર થશે. આ વખતે ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટીએ પણ રાજ્યમાં સરકાર બનાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીની નિમણૂક અંગે પણ રાજકીય ગલિયારામાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. ભાજપના મોવડીમંડળ દ્વારા આ અંગે શું નિર્ણય લેવાય છે, તેના પર સૌની નજર છે.નવા મંત્રીમંડળની શપથવિધિ માટેની સત્તાવાર જાહેરાત રાજ્યપાલ દ્વારા કરી દેવામાં આવી છે. નવા મંત્રીમંડળની શપથવિધિ આવતીકાલે શુક્રવારે (૧૭મી ઓક્ટોબર) ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે.

**મુખ્યમંત્રી સાથે તમામ નેતાઓની બેઠક પૂર્ણ થઈ ગઈ છે, અને અહેવાલો મુજબ, બેઠક શરૂ થાય તે પહેલાં જ રાજીનામાંનું એક ફોર્મ તૈયાર રાખવામાં આવ્યું હતું, જેના પર મંત્રીઓએ માત્ર સહી કરવાની હતી**

**સૌથી મોટા રાજકીય પરિવર્તન વચ્ચે ભારતીય જનતા પાર્ટી ફરી એકવાર ૨૦૨૧ની માફક 'નો-રિપીટ' થિયરીની ફોર્મ્યુલા લાગુ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટા ભાગના વર્તમાન મંત્રીઓને આ વખતે પડતા મૂકવામાં આવે તેવી શક્યતા**




**ગુજરાત રાજ્યમાં આજે નવા મંત્રીમંડળની શપથવિધિ**

## મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં

# ગુજરાતમાં મુખ્યમંત્રી સિવાયના તમામ મંત્રીના રાજીનામા

### સૌપ્રથમ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાજીનામું આપ્યું હતું, ત્યાર બાદ એક પછી એક તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।


રાજ્યમાં મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિવાયના તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા છે. મળતી માહિતી મુજબ, સૌપ્રથમ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાજીનામું આપ્યું હતું, ત્યાર બાદ એક પછી એક તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા. આ રાજીનામાં જગદીશ વિશ્વકર્માને સુપરત કરવામાં આવ્યા હતા, જેમણે તમામ મંત્રીઓને રાજીનામું આપવાની સૂચના આપી હતી.

જગદીશ વિશ્વકર્મા સહિત કુલ ૧૬ મંત્રીએ રાજીનામાં આપ્યા છે. રસપ્રદ બાબત એ છે કે મુખ્યમંત્રીએ મંત્રીઓ પાસે રાજીનામું માંગ્યું ન હતું. મુખ્યમંત્રી સાથે તમામ નેતાઓની બેઠક પૂર્ણ થઈ ગઈ છે, અને અહેવાલો મુજબ, બેઠક શરૂ થાય તે પહેલાં જ રાજીનામાંનું એક ફોર્મ તૈયાર રાખવામાં આવ્યું હતું, જેના પર મંત્રીઓએ માત્ર સહી કરવાની હતી. હવે, આ મંત્રીઓએ આપેલા રાજીનામાં રાજ્યપાલને સોંપવામાં આવશે, અને આ સંદર્ભમાં મુખ્યમંત્રી એક પત્ર રાજ્યપાલને સુપરત કરશે.

આ સૌથી મોટા રાજકીય પરિવર્તન વચ્ચે ભારતીય જનતા પાર્ટી ફરી એકવાર ૨૦૨૧ની માફક 'નો-રિપીટ' થિયરીની ફોર્મ્યુલા લાગુ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટા ભાગના વર્તમાન મંત્રીઓને આ વખતે પડતા મૂકવામાં આવે તેવી શક્યતા છે.

મળતી માહિતી મુજબ, આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી, જેમાં તમામ મંત્રીઓએ સામૂહિક રીતે રાજીનામા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ હવે સૌની નજર નવા મંત્રીમંડળની જાહેરાત પર ટકેલી છે.

## મુખ્યમંત્રીએ મંત્રીઓ પાસે રાજીનામું માંગ્યું ન હતું । મુખ્યમંત્રી સાથે તમામ નેતાઓની બેઠક પૂર્ણ થઈ ગઈ









રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીની નિમણૂક અંગે પણ રાજકીય ગલિયારામાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. ભાજપના મોવડીમંડળ દ્વારા આ અંગે શું નિર્ણય લેવાય છે, તેના પર સૌની નજર છે.નવા મંત્રીમંડળની શપથવિધિ માટેની સત્તાવાર જાહેરાત રાજ્યપાલ દ્વારા કરી દેવામાં આવી છે. નવા મંત્રીમંડળની શપથવિધિ આવતીકાલે શુક્રવારે (૧૭મી ઓક્ટોબર) ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. શપથવિધિ સમારંભ પૂર્ણ થયા બાદ તરત જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નવી કેબિનેટની પ્રથમ બેઠક પણ યોજાશે.ગુજરાતના રાજકીય ઈતિહાસમાં આ એક મોટો અને મહત્ત્વનો ફેરફાર છે, જેના પર સમગ્ર દેશની નજર છે. રાજ્યમાં મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિવાયના તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા છે. મળતી માહિતી મુજબ, સૌપ્રથમ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાજીનામું આપ્યું હતું, ત્યાર બાદ એક પછી એક તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા. આ રાજીનામાં જગદીશ વિશ્વકર્માને સુપરત કરવામાં આવ્યા હતા, જેમણે તમામ મંત્રીઓને રાજીનામું આપવાની સૂચના આપી હતી.

# ગુજરાતમાં કેબિનેટ વિસ્તરણની સાથે ગુજરાતને હવે નવા નાયબ મુખ્યમંત્રી મળશે તે પણ સુનિશ્ચિત થઈ ગયું

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતમાં કેબિનેટ વિસ્તરણની સાથે ગુજરાતને હવે નવા નાયબ મુખ્યમંત્રી મળશે તે પણ સુનિશ્ચિત થઈ ગયું છે. ગુજરાતમાં હાલમાં કોઈ નાયબ મુખ્યમંત્રી નથી. હવે નવી ફોર્મ્યુલામાં નવા નાયબ સીએમ ગુજરાતને મળી શકે છે. આ હોદ્દા માટે કોઈ આદિવાસી વ્યક્તિની નિમણૂક થાય તો પણ આશ્ચર્ય નહીં થાય. આ ઉપરાંત હર્ષ સંઘવીનું નામ પણ ચર્ચામાં છે ઉલ્લેખનીય છે કે અગાઉ વિજય રૂપાણી સીએમ હતા ત્યારે નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. આ વખતે નાયબ સીએમના હોદ્દા પર કોણ છે તે જોવાનું રહેશે.મંત્રીમંડળના ફેરબદલમાં કેન્દ્રીય નેતાઓ હાજર રહે તેવી શક્યતા છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ બીજા દિવસે બિહારની મુલાકાતે આવનાર છે. આ મોટા ફેરફારોનું મુખ્ય કારણ ગુજરાત અને સૌરાષ્ટ્રના આદિવાસી વિસ્તારોમાં આમ આદમી પાર્ટી ના કારણે આગામી ચૂંટણીઓમાં ભાજપને જે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે તે માનવામાં આવે છે. આ ફેરબદલ દ્વારા, પાર્ટી પાટીદાર અને ઓબીસી જોડાણને સંતુલિત કરવાનો પ્રયાસ કરશે.અમદાવાદ અને ગાંધીનગર દરેકને એક નવા મંત્રી મળી શકે છે. કચ્છ અને સૌરાષ્ટ્રને ચાર કેબિનેટ મંત્રીઓ અને ત્રણ રાજ્યમંત્રીઓ, મધ્ય ગુજરાતમાં બે કેબિનેટ મંત્રીઓ અને બે રાજ્યમંત્રીઓ અને દક્ષિણ ગુજરાતમાં ત્રણ કેબિનેટ મંત્રીઓ અને ચાર રાજ્યમંત્રીઓ મળી શકે છે. નવા મંત્રીમંડળમાં કુલ ૨૩ મંત્રીઓની નિમણૂક થઈ શકે છે. મુખ્યમંત્રી યુવાન અને અનુભવી મહિલા ધારાસભ્યોને પ્રાથમિકતા આપે તેવી શક્યતા છે. તમામ જાતિઓ અને પ્રદેશોનું સંતુલિત પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.ચાર લેઉવા પટેલ અને બે કડવા પટેલ સહિત કુલ છ પાટીદાર ઉમેદવારોને મંત્રી તરીકે નિયુક્ત કરી શકાય છે.





### પરિક્રમાના આયોજનને લઈને સાધુ-સંતો તથા અગ્રણીઓએ વિવિધ સૂચનો આપ્યા

# ગિરનારની લીલી પરિક્રમાની તૈયારીઓ અંગે તંત્ર-સાધુ-સંતોની બેઠક યોજાઈ

## આવેલા સૂચનો પર અમલવારી કરવા અને જરૂરી વ્યવસ્થા જાળવવા સૂચના આપવામાં આવી હતી

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૬ ।

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનારની લીલી પરિક્રમાની તૈયારીઓ અંગે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સાધુ-સંતો, ઉતારા મંડળ અને સામાજિક સંસ્થાના અગ્રણીઓ હાજર રહ્યા હતા. પરિક્રમાના આયોજનને લઈને સાધુ-સંતો તથા અગ્રણીઓએ વિવિધ સૂચનો આપ્યા છે.કારતક સુદ અગિયારસથી શરૂ થનાર ગિરનારની પરિક્રમાને લઈને વહીવટી તંત્રની બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ સૂચનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તંત્ર દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવી છે તેની માહિતી આપવામાં આવી હતી. તેમાં આવેલા સૂચનો પર અમલવારી કરવા અને જરૂરી વ્યવસ્થા જાળવવા સૂચના આપવામાં આવી હતી.વહીવટી તંત્ર દ્વારા ૨ નવેમ્બરથી ૫ નવેમ્બર સુધી ગિરનારની લીલી પરિક્રમાને ધ્યાનમાં રાખીને ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ભાગરૂપે, તંત્ર, સાધુ-સંતો અને સામાજિક સંસ્થાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઈન્દ્રભારતી બાપુ અને અન્ય સાધુ-સંતો, ઉતારા અને અન્નક્ષેત્ર ચલાવતી સંસ્થાના આગેવાનો, સામાજિક અગ્રણીઓ અને તંત્રના અધિકારીઓએ ભાગ લીધો હતો. અગ્રણીઓએ પરિક્રમાની તૈયારી અને સુવિધાઓ અંગે ચર્ચા કરી છે. વિવિધ



સૂચનોને ધ્યાનમાં રાખીને, તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા જાળવવા અને અમલવારી કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.લીલી પરિક્રમા દરમિયાન ભાવિકોને મુશ્કેલી ન આવે તે માટે તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ગિરનારમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ હોવાથી, દૂધ અને અનાજ જેવા સામાનનું વિકલ્પ શોધવા માટે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, અન્નક્ષેત્રો, પીવાના પાણી, સફાઈ, ટ્રાફિક વ્યવસ્થા, લોકોની સુરક્ષા અને આરોગ્યલક્ષી સેવાઓ સુનિશ્ચિત કરવા માટે આગેવાનોએ સૂચનો કર્યા.જિલ્લા પંચાયત પ્રમુખે એક મહત્વની રજૂઆત કરી છે. પરિક્રમા દરમિયાન લોકો દ્વારા ફંડફાળા ઉઘરાવવા માટે સ્ટોલ મૂકવામાં આવે છે. આ પ્રકારની મંજૂરી ન આપવામાં આવે અને આવા સ્ટોલ બંધ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનારની લીલી પરિક્રમાની તૈયારીઓ અંગે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સુરતમાં રેપ કરી સગીરાને ગર્ભવતી બનાવનારને અંતિમ શ્વાસ સુધી જેલ

। પ્રતિનિધિ, સુરત, તા.૧૬ ।

સુરતના ગ્રામ્ય વિસ્તારની ૧૬ વર્ષ અને નવ મહિનાની સગીરાને લગ્નની લાલચ આપી છ વખત દુષ્કર્મ આચરી સગર્ભા બનાવનાર આરોપીને પોકસોની વિશેષ કોર્ટે કસૂરવાર ઠેરવી જીવનના અંતિમ શ્વાસ સુધી એટલે કે આજીવન કેદની સખત સજા ફટકારી છે. ઉપરાંત કુલ ૨૦ હજારનો દંડ પણ ફટકારતો હુકમ કર્યો હતો. તેમજ પીડિતાને ૧૫ લાખ વળતર પેટે ચૂકવવા આદેશ કર્યો હતો. મૂળ ઉમરપાડા તાલુકાના ગોલવણ ગામના ડુંગળી પાડા ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય પૌવલુસ નિરંજન વસાવાએ સુરતના ગ્રામ્ય વિસ્તારની ૧૬ વર્ષ અને નવ મહિનાની સગીરા સાથે નવેમ્બર ૨૦૨૨ થી ૬-૯-૨૦૨૪ દરમિયાન લગ્નની લાલચ આપી.

## મહારાષ્ટ્રના ડોક્ટરને પાંચ કરોડની લોન અપાવવાનું કહી છેતરપિંડી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૬ ।

મહારાષ્ટ્રના ડોક્ટરને હોસ્પિટલના રિનોવેશન માટે પાંચ કરોડની લોન અપાવવાનું કહી ૧૦.૧૦ લાખ પડાવી લેનાર વડોદરાની મહિલા સહિત બે સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે.મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખલટાવ તાલુકાના માયની ગામે એમ.એસ.ઈ.બી. બોર્ડમાં રહેતા ડો. જમીર યુસુફભાઈ જમાદારની મહારાષ્ટ્રના સાંગલીમાં હોસ્પિટલ છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારે હોસ્પિટલના રિનોવેશન માટે રૃપિયાની જરૃર હોવાથી નયનાબેન મનહરસિંહ મહીડા (રહે. દીપ દર્શન સોસાયટી, અટલાદરા) તથા રાજેશ અભેસિંગ ચાવડા (રહે. લાડુબા નગર, વાઘોડિયા રોડ) સાથે વાતચીત થઈ હતી. તેઓએ મને પાંચ કરોડની લોન કરાવી આપવાની વાત કરી હતી. નયનાબેને મને મુજમહુડા રોડ પર આવેલી સહયોગ ફાઈનાન્સની ઓફિસે બોલાવ્યો હતો. તેમની સાથે લોન અંગે મિટિંગ થઈ હતી. તેઓએ મારી પાસેથી ૧૦.૧૦ લાખ પડાવી લીધા હતા.

## ભરૂચ : દિવાળી ટાણે કરોડોની કિંમતનો વિદેશી દારૂ જપ્ત

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૬ ।

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી દિવાળીના તહેવારો પૂર્વે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. બી ડિવિઝન પોલીસે રૂપિયા એક કરોડથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બે આરોપીઓની ધરપકડ કરી છે.અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસના સૂત્રોને બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નંબર ૪૮ પર ટ્રકમાં વિદેશી દારૂની મોટાપાયે હેરાફેરી થવાની છે, જેના આધારે પોલીસકર્મીઓએ માંડવા ટોલ પ્લાઝા નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમીવાળી ટ્રક નંબર એનએલ-૦૧-એલ-૭૮૨૮ આવતા તેને અટકાવી તપાસ કરતા અંદરથી પ્રથમ તો પ્લાસ્ટિકની બેગ મળી આવી હતી, જોકે વધુ સઘન તપાસ કરતા પોલીસકર્મીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.પ્લાસ્ટિકની બેગની આડમાં ચોરખાનું બનાવીને લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. પોલીસે ટ્રકમાંથી રૂ. ૧.૩૬ કરોડથી વધુની કિંમતની વિદેશી દારૂની ૨૬ હજાર નંગ બોટલ કબજે કરી હતી. આ ઉપરાંત ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૧.૫૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ મામલામાં પોલીસે દેવીલાલ પટેલ અને વિજય પંચાલ નામના આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ૬ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વિદેશી દારૂનો મોટો જથ્થો કચ્છના ગાંધીધામના કુખ્યાત બુટલેગરોએ મંગાવ્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

### સીબીઆઈને ટ્રાન્સફર કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી

# રાજકુમાર જાટ કેસની તપાસ સુરેન્દ્રનગર એસપીને સોંપાઈ । ૧૫ ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૬ ।

ગોંડલમાં રાજકુમાર જાટના મૃત્યુ અંગે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે આ કેસની તપાસ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક (એસપી) પ્રેમસુખ ડેલુને સોંપવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે ૧૦ ડિસેમ્બર સુધીમાં પ્રગતિ અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. રાજકુમાર જાટ મૃત્યુ કેસમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેમના પુત્ર ગણેશ આરોપી છે.ગોંડલમાં રાજકુમાર જાટ નામના યુવાનનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું. યુવાનના પિતાએ ગણેશ ગોંડલ અને જયરાજસિંહ જાડેજા પર હત્યાનો આરોપ લગાવ્યો છે. તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવા માટે



ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

આ અરજીની સુનાવણી ગુજરાત હાઈકોર્ટમાં થઈ હતી. હાઈકોર્ટે તપાસ સુરેન્દ્રનગરના પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જે.ડી. પુરોહિતને સોંપવાનો આદેશ આપ્યો છે.ગોંડલના ગાયત્રીનગરના રહેવાસી અને પૌણભાજીના વેપારી રતનલાલ શંકરલાલ જાટે આરોપ લગાવ્યો કે, "૨ માર્ચે, હું અને મારો પુત્ર રાજકુમાર ભૂતપૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના બંગલા પાસેથી ઘરે જવાની વાત કરતા પસાર થયા. ગણેશ જાડેજા અને ૭-૧૦ માણસોએ અમને રોક્યા અને અમારા પર હુમલો કર્યો. અમે બંને ઘરે ગયા. જોકે, અમને કારણ વગર માર મારવામાં આવ્યો હોવાથી, અમારો પુત્ર રાજકુમાર તે રાત્રે ફરિયાદ કરવા માટે ભૂતપૂર્વ ધારાસભ્યના બંગલા પર પાછો ગયો, પરંતુ તે પછી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો. સ્થાનિક ગોંડલ પોલીસને આ બાબતની જાણ કરવામાં આવી. ત્યારબાદ રાજકોટ એસપીને લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવી, જેના પગલે ગોંડલ પોલીસે તપાસ શરૂ કરી."દરમિયાન, ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ સવારે ૩ વાગ્યે કુવાડવા નજીક વાહનની ટક્કરથી મૃત્યુ પામેલા અજાણ્યા યુવાન અને ગોંડલના ગુમ થયેલા યુવાન વચ્ચે સમાનતા મળ્યા બાદ, પોલીસે તપાસ શરૂ કરી.

## અમદાવાદ પ્રેમસંબંધમાં કરૂણ અંજામ : ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદના સરખેજ વિસ્તારની નરીમનપુરા કેનાલમાંથી મંગળવારે સાંજે એક ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે સગીરાના બોયફ્રેન્ડ દ્વારા હત્યા કરી મૃતદેહને કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનાલમાં મૃતદેહ સૌપ્રથમ સ્થાનિક લોકોએ જોયો હતો, જેમણે તરત જ સરખેજ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે આવીને તપાસ હાથ ધરી હતી અને મૃતકની ઓળખ માટે સગીરાની માતાને બોલાવવામાં આવી હતી. માતાએ મૃતદેહ તેમની ગુમ થયેલી પુત્રીનો હોવાની પુષ્ટિ કરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતકના ગળા અને ચહેરા પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જેથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કેનાલમાં ફેંકતા પહેલા સગીરાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોઈ શકે છે.પોલીસે જણાવ્યું હતું કે મૃતક સગીરા અજય ઠાકોર નામના રિક્ષાચાલક સાથે પ્રેમ સંબંધમાં હતી. આશરે બે મહિના પહેલા તે પોતાનું બર્થ સર્ટિફિકેટ અને અન્ય દસ્તાવેજો લઈને ઘરે કોઈને જાણ કર્યા વિના નીકળી ગઈ હતી અને ત્યારથી તે અજય સાથે રહેતી હતી.

## હાથલારીવાળા પાસેથી ૬ હજારની લાંચ લેતા સિક્યુરિટી ગાર્ડ ઝડપાયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

હાથલારીમાં વિવિધ પ્રકારનો સામાન વેચતા શખ્સોને શાંતિથી ધંધો કરવા દેવા માટે રૂ.૬,૦૦૦ની લાંચ લેતા સિક્યુરિટી ગાર્ડ (કરાર આધારિત) વિજય પી.મકવાણાની છઝમ્એ ધરપકડ કરી હતી.આ કેસની વિગત મુજબ રામોલ હાથીજણ વોર્ડમાં બચુભાઈ ચાર રસ્તાથી મંથન ચાર રસ્તા સુધીના વિસ્તારમાં આર્થિક જરૂરીયાતમંદ લોકો હાથલારીઓમાં વિવિધ પ્રકારનો સામાન રાખી,વેચાણ કરતા હોય છે.


બીજીતરફ આરોપી સિક્યુરિટી ગાર્ડ વિજય મકવાણાએ પોતે કોર્પોરેશનના એસ્ટેટ/દબાણ શાખામાં હોવાનું જણાવી, આ લારી-ગલ્લાવાળાને અવાર-નવાર દબાણ ઝુંબેશમાં હટાવી શાંતિથી ધંધો કરવા દેતા ન હતા.આ હેરાનગતીથી બચવા સારૂ આ લારી ગલ્લાવાળાઓએ આ કામના ફરિયાદી કે જેઓ તે વિસ્તારના સામાજીક કાર્યકર છે તેઓની મદદ માંગેલી જેથી, ફરિયાદીએ વિજય મકવાણાનો સંપર્ક કરતા આરોપીએ આ હાથલારીઓ ઉભી રાખી શાંતિથી વ્યાપાર ધંધો કરવો હોય તો ખાણીપીણીની લારી દિઠ રૂા.૨૦૦ અને શાકભાજી તથા અન્ય લારી દિઠ રૂા.૧૦૦ ની માંગણી કરેલી. જેમાં આરોપીએ રકઝકના અંતે તમામ લારીઓના મળી કુલ રૂા.૬,૦૦૦ની લાંચની રકમની માંગણી કરેલ.




<u>માનવવિકાસના સૂચકાંકની દષ્ટિએ</u>

# ભારતને વિકસિત રાષ્ટ્ર બનવવાનાં સ્વપ્ન માત્ર ગુલબાંગો । દુનિયાના ૧૯૩ દેશોમાં ભારત દેશનો ૧૩૦માં નંબરે

**ભારતના કુલ ૩૬ રાજ્યોમાં ગુજરાત લક્ષદ્વીપ અને મેઘાલય જેવા રાજ્યોથી પણ પાછળ છેક ૨૫મા નંબરે આવે છે,જય નારાયણ વ્યાસ**




। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

પૂર્વ કેબિનેટ મિનિસ્ટર અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન ડો.જય નારાયણ વ્યાસે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આ અગાઉ અતિ વિકસિત રાજ્ય તરીકે ગુજરાત અને એ માટે કારણભૂત 'ગુજરાત મૉડેલ' અંગેની વરવી વાસ્તવિકતા આપ સમક્ષ જાહેરમાં મૂકી. ગુજરાતના વિકાસના બણગાં કેટલાં પોકળ છે, તેનો દસ્તાવેજી પુરાવો પૂરો પાડ્યો હતો. આ સમગ્ર હકીકત નેશનલ ફેમિલી હેલ્થ સરવે—૫ જે ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે, તેના ઉપર આધારિત હતો અને એટલે ગુજરાત સરકાર અથવા કેન્દ્રમાં શાસનની ધૂરા સંભાળી રહેલ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ હકીકતોનો ઈન્કાર કરી શકે તેવી કોઈ શક્યતાઓ નથી.ગુજરાતના વિકાસનું આ મૉડેલ કેટલું પોલું છે અને એને આધારિત વિકાસની વાતો કેટલી પોકળ છે, જેનો પુરાવો તાજેતરમાં બહાર આવેલ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા બહાર પાડવામાં આવેલ માનવ વિકાસના સૂચકાંક 'હ્યુમન ડેવલોપ મેન્ટ ઈન્ડેક્ષ' ઉપર આધારિત તાજેતરના અહેવાલ ઉપરથી માત્ર ગુજરાત જ નહીં પણ વૈશ્વિક તુલનામાં ભારત જેને ભારતીય જનતા પાર્ટી શાસિત સરકાર વિશ્વની બીજા નંબરની વિકસિત અર્થવ્યવસ્થા બનાવવાના ગુલાબી શમણાં આપણને વેચી રહી છે તે નર્યા જૂઠાણાનો પર્દાફાશ યુએનડીપીનો આ 'હ્યુમન ડેવલોપમેન્ટ' અંગેનો અહેવાલ નર્યું જૂઠ્ઠાણું સાબિત કરે છે,

યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા આપવામાં આવેલ વર્ગીકરણ પ્રમાણે કુલ ૧૯૩ દેશોમાંથી ભારતનો નંબર ૧૩૦મો આવે છે. આમ, દુનિયાના વિકસિત દેશોની સરખામણીમાં ભારત ખૂબ પાછળ છે. હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્ષની ગણતરી અપેક્ષિત આયુષ્ય મર્યાદા, શિક્ષણનું સ્તર અને માથાદીઠ આવક એ ત્રણેયને લક્ષમાં લઈને કાઢવામાં આવે છે.

જે દેશમાં લોકો લાંબું આયુષ્ય ભોગવતા હોય અથવા માથાદીઠ આવક વધારે હોય કે પછી શિક્ષણનું સ્તર ઊંચું હોય તેનો નંબર પૂર્ણાંક ૧ થી નજદીક આવે છે.આમ ભારત વિકસિત રાષ્ટ્ર બની રહ્યું હોવાની કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર કરાતી જાહેરાતો સત્યથી સંપૂર્ણ વેગળી, તથ્યહીન અને ગેરમાર્ગે દોરનારી છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા જારી કરાયેલ માનવ વિકાસનો સૂચકાંક જે સાચા અર્થમાં જે તે દેશમાં માનવજીવન કેટલું સમૃદ્ધ અને વિકસિત છે, એનો ખ્યાલ આપે છે તે એક આધારભૂત સરખામણી છે અને ભારતનું નામ એમાં દસાડા દફતરે ક્યાંય નથી.આ જ રીતે ભારતના કુલ ૩૬ રાજ્યોમાં ગુજરાત લક્ષદ્વીપ અને મેઘાલય જેવા રાજ્યોથી પણ પાછળ છેક ૨૫મા નંબરે આવે છે. આ અગાઉ દેશના ટોચના દસ કુપોષિત જિલ્લાઓમાં ગુજરાતના ૪ જિલ્લા આવે છે, તે માહિતી રજૂ કરી હતી. આજે હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્ષ એટલે કે, માનવ વિકાસના સૂચકાંકની સરખામણીમાં પણ ગુજરાત છેક ૨૫મા ક્રમે આવે છે.

<u>રૂ.૨૦૦ કરોડના ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ થકી ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે લોકોને ભાગીદાર બનાવ્યા</u>

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, સુરત શહેર મહાનગરપાલિકાના સર્ટિફાઇડ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું લીસ્ટિંગ કરાવ્યું

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મુંબઈ નેશનલ સ્ટોક એક્ષ્ચેજ ખાતે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું બેલ રીંગિંગ કરીને મેયર દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં લીસ્ટિંગ કરાવ્યું હતું. સુરત મહાનગરપાલિકાએ ઈસ્યું કરેલા રૂ.૨૦૦ કરોડના ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ થકી ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે લોકોને ભાગીદાર બનાવ્યા છે. સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડનું ૮ ગણું સબસ્ક્રિપ્શન દર્શાવે છે કે રોકાણકારોએ ગ્રીન બોન્ડમાં રોકાણમાં અસાધારણ ઉત્સાહ બતાવ્યો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૨૦૦ કરોડના લીસ્ટેડ, ટેક્ષેબલ, રીડીમેબલ, સીક્યોર્ડ નોન કન્વર્ટીબલ મ્યુનિસિપલ બોડ ડીબેન્ચર સ્વરૂપે ઈસ્યુ બહાર પાડવામાં આવ્યા હતા. આ ગ્રીન બોન્ડ તા. ૬-૧૦-૨૦૨૫ ના રોજ ખુલ્યા હતા. અને તા. ૯-૧૦-૨૦૨૫ ના રોજ બંધ થાય હતા. આ સમયગાળા દરમિયાન સુરત મહાનગરપાલિકાના ગ્રીન બોન્ડ ૨૦૦ કરોડની ડીમાન્ડ સામે ૮૦૦ કરોડ રૂપિયાનું ભરણું થયું છે. જેથી ડ્રો સીસ્ટમથી બોન્ડની ફાળવણી થશે. રીટેલ સેકટરમાં મહાપાલિકા દ્વારા કુલ બોન્ડના ૧૫ ટકા લેખે ૩૦ કરોડ રૂપિયાના ફાળવવા ઓફર મંગાવવામાં આવી હતી. દેશમાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય સર્ટિફાઈડ ગ્રીન બોન્ડ સુરત મહાનગરપલિકા લાવ્યું છે.

## વડોદરાના માંજલપુરમાં જુગાર રમતા આઠ આરોપી ઝડપાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૬ ।

માંજલપુર અલવા નાકા એવન્યુ કોમ્પલેક્સના પાંચમા માળે જુગાર રમવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ પાડતા આઠ જુગારીઓ ઝડપાઇ ગયા હતા. માંજલપુર પોલીસે જુગારીઓ પાસેથી રોકડા, ૭ મોબાઈલ મળી કુલ રૂપિયા ૭૬,૮૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પકડાયેલા જુગારીઓમાં (૧) રાહુલ અનિલકુમાર ગાંધી (રહે. ૫ એવન્યુ, અલવા નાકા) (૨) પ્રકાશ અશોકભાઇ શાહ (રહે. પાર્શ્વનાથ ફ્લેટ, નિઝામપુરા) (૩) વિશાલ પ્રકાશભાઇ અધ્યારૃ (૪) નંદકિશોર ઠાકોરલાલ શાહ (૫) સાજીદખાન અબ્બાસખાન પઠાણ (૬) ઈમરાનખાન ખાલીદખાન પઠાણ ( તમામ રહે. રાજપીપળા) (૭) રાજેશકુમાર ગણેશભાઇ પ્રજાપતિ (રહે. કેવડિયા કોલોની) તથા (૮) ગજેન્દ્ર છગનભાઇ માછી (રહે. માછીવાડ, તા. નાંદોદ) નો સમાવેશ થાય છે. માંજલપુર અલવા નાકા એવન્યુ કોમ્પલેક્સના પાંચમા માળે જુગાર રમવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ પાડતા આઠ જુગારીઓ ઝડપાઇ ગયા હતા.

## અમદાવાદમાં લિથિયમ બેટરીના રિસર્ચ દરમિયાન બ્લાસ્ટ : ત્રણ યુવકો દાઝ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા એલ.જે કેમ્પસ રોડ પરના સેવી સ્ટ્રેટા એપાર્ટમેન્ટમાં વહેલી સવારે એક ગંભીર આગની ઘટના સામે આવી છે. માહિતી મુજબ, એપાર્ટમેન્ટના બી બ્લોકના એક ફ્લેટમાં લિથિયમ બેટરી પર રિસર્ચ ચાલી રહ્યું હતું, તે દરમિયાન વહેલી સવારે લગભગ ૩ વાગ્યે આ આગ લાગી હતી.આગની ઘટનાની જાણ થતાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે આગ ફ્લેટમાં વધુ પ્રસરે તે પહેલાં તેના પર કાબૂ મેળવી લેવાયો હતો. આ દુર્ઘટનામાં રિસર્ચ સાથે જોડાયેલા ત્રણ યુવકો દાઝી ગયા હતા, જેમણે તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તો હાલ સારવાર હેઠળ છે. ફ્લેટના રહેવાસીઓએ આ અંગે પોલીસને પણ જાણ કરી હતી.આ આગની ઘટના બાદ સોસાયટીઓમાં ચાલતા પેઈંગ ગેસ્ટના મામલે સ્થાનિક રહીશોમાં ઉગ્ર નારાજગી જોવા મળી છે. રહીશોનો દાવો છે કે રહેણાક વિસ્તારના આ ફ્લેટ્સમાં ૯૦ ટકાથી વધુ PG ચાલી રહ્યા છે, જે રહેણાક હેતુ માટેના નિયમોનું ઉલ્લંઘન છે.સ્થાનિકોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઁઓના આ અનધિકૃત ધંધા મામલે અવાજ ઉઠાવતા સ્થાનિકોને ડરાવી-ધમકાવી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર રહેણાક સોસાયટીઓમાં ચાલતા કોમર્શિયલ પ્રવૃત્તિઓ અને તેની સુરક્ષાના મુદ્દાઓને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા એલ.જે કેમ્પસ રોડ પરના સેવી સ્ટ્રેટા એપાર્ટમેન્ટમાં વહેલી સવારે એક ગંભીર આગની ઘટના સામે આવી છે. માહિતી મુજબ, એપાર્ટમેન્ટના બી બ્લોકના એક ફ્લેટમાં લિથિયમ બેટરી પર રિસર્ચ ચાલી રહ્યું હતું, તે દરમિયાન વહેલી સવારે લગભગ ૩ વાગ્યે આ આગ લાગી હતી.આગની ઘટનાની જાણ થતાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી.






## તંત્રી લેખ..

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઈ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.



આજકાલ


લેખક : દીપક જગતાપ

### જંગલનો રાજા સિંહ છે તેમ સમંદરનો રાજા વ્હેલ શાર્ક માછલી કહેવાય છે

**ભારતીય કાયદા દ્વારા સંરક્ષિત જાહેર કરાયેલી આ સર્વપ્રથમ માછલી છે. વ્હેલ શાર્ક ખૂબ જ સરળતાથી ઓળખી શકાય તેવો દેખાવ ધરાવે છે. તેનું સપાટ મોટું માથું, વિશાળ મોઢું, ઘેરા રંગની ત્વચા ઉપર હળવા રંગના ચકામાં અને પેટનો સફેદ ભાગ ધરાવે છે.**

# વિલુપ્ત થવાને આરે આવેલી પ્રજાતિ "વ્હેલ શાર્ક" વિશ્વની સૌથી મોટી માછલી છે

**તે જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તેનું વજન ૩૫ ટન સુધી વધી શકે છે અને તેની લંબાઇ ૨૦ મીટર સુધી થઇ શકે છે. તેનું આયુષ્ય ૬૦થી ૧૦૦ વર્ષનું હોય છે.**



વ્હેલ શાર્ક એ (રીક્રોડોન્ટાપસ એ રીક્રોડોન્ટીડેઈ પરિવાર, ઓરકોટોલોવીફોર્મસ)ના ક્રમની પ્રજાતિની વિશ્વની સૌથી મોટી માછલીગણાય છે. જેમ જંગલનો રાજા સિંહ છે તેમ સમંદરનો રાજા વ્હેલ શાર્ક માછલી કહેવાય છે. વ્હેલ શાર્ક ખૂબ જ સરળતાથી ઓળખી શકાય તેવો દેખાવ ધરાવે છે. તેનું સપાટ મોટું માથું, વિશાળ મોઢું, ઘેરા રંગની ત્વચા ઉપર હળવા રંગના ચકામાં અને પેટનો સફેદ ભાગ ધરાવે છે. તેના જીવન તથા આદતો વિશે ઘણું ઓછું જાણી શકાયું છે. તે ખુલ્લા સમુદ્રી વિસ્તાર અને ઉષ્ણકટિબંધીય જળવિસ્તારમાં રહે છે અને દરિયાઇ જીવોનો શિકાર કરે છે. તે જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તેનું વજન ૩૫ ટન સુધી વધી શકે છે અને તેની લંબાઇ ૨૦ મીટર સુધી થઇ શકે છે. તેનું આયુષ્ય ૬૦થી ૧૦૦ વર્ષનું હોય છે. વ્હેલ શાર્કનું કદ વિશાળ હોવા છતાં માનવ સમુદાય માટે બિનહાનીકારક છે. વ્હેલ શાર્કને કુદરતે રક્ષણાત્મક ગુણો આપ્યા છે. તે પોતાની જાડી ઢાલ જેવી ચામડીનો ઉપયોગ પોતાના રક્ષણ માટે કરે છે. વ્હેલ શાર્ક ઘણાં મોટા જળવિસ્તારમાં ફેલાયેલી છે અને તેની વસતી વિશ્વના ઉષ્ણકટિબંધીય જળવિસ્તાર તેમજ સમશીતોષ્ણ હુંફાળા સમુદ્રોમાં જોવા મળે છે. અત્યાર સુધી આ જીવને સંબંધિત, તેની શારિરીક રચનાઓ અને જીવન અંગેની બહુ ઓછી માહિતી પ્રાપ્ત થઈ શકી છે. અન્ય શાર્ક પ્રજાતિઓની જન્મજાત જૈવિક વિલક્ષણતાઓ જેમ કે વિશાળ કદ, ધીમી-વૃદ્ધી, લાંબા સમયે આવતી પરિપક્વતા, લાંબું આયુષ્ય જેવા કારણોથી તેમની વસતી મર્યાદીત રહી છે તેમજ તેના શિકાર-શોષણનો મામલો પણ અત્યંત સંવેદનશીલ છે. વ્હેલ શાર્કની જૈવિક લાક્ષણિકતાઓને લીધે એ વાત નક્કી છે કે જો તેમનું વધુ શોષણ-શિકાર કરવામાં આવે તો આ પ્રજાતિને ઉગરવામાં ઘણો જ સમય લાગી જાય તેમ છે. આગાઉ વ્હેલ શાર્કની પ્રજાતિને સંરક્ષિત પ્રજાતિમાં સામેલ કરવામાં નહોતી આવી અને વર્ષ ૨૦૦૧ સુધીમાં મોટી સંખ્યામાં તેનો શિકાર કરવામાં આવતો હતો. ભારતીય સરકારના વન અને પર્યાવરણ વિભાગે ભારતીય જળ સીમામાં વ્હેલ શાર્કને સંપૂર્ણ કાયદાકીય સંરક્ષણ પુરું પાડ્યું છે. સરકારે વર્ષ ૨૦૦૧ની ૨૮મી મેના રોજ વન્યજીવન(સંરક્ષણ) એક્ટ,૧૯૭૨ની કલમ ૬૧ની પેટાકલમ(૧)નાં શિડ્યુઅલ-૧માં વ્હેલ શાર્કને સામેલ કરી છે. ભારતીય કાયદા દ્વારા સંરક્ષિત જાહેર કરાયેલી આ સર્વપ્રથમ માછલી છે. આમ તો વ્હેલ શાર્ક' વિલુપ્ત થવાને આરે આવેલી પ્રજાતિ છે, ભારતમાં વાઘ, સિંહ અને હાથી જેટલું સંરક્ષણ મેળવનારી આ પ્રથમ માછલીની જાત છે. વ્હેલ શાર્ક માછલી દુનિયાની સૌથી મોટી અને ૭૦થી ૧૦૦ વરસ આયુષ્ય ભોગવતી તે ઓકટોથી માર્ચમાં નિયમિત રીતે ખોરાક મેળત્તવાઅને બચ્ચાઓને જન્મ આપવા પોરબંદર દ્વારકાથી માંગરોળ, સોમનાથ, સુત્રાપાડાના દરિયામાં પ્રતિ વર્ષ આવે છે. આ માછલીને વન વિભાગની એકટ હેઠળ રક્ષણ પણ આપવામાં આવેલ છે. સુપ્રસિધ્ધ સુપ્રસિધ્ધ રામપરાયણ કથાકાર મોરારીબાપુ વ્હેલ શાર્ક બચાવ અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. જગતના મહાસાગરોમાં કુલ ૨૫૦ પ્રકારની શાર્ક જોવા મળે છે.પરંતુ તેમાં મુખ્ય ૩ પ્રકારની શાર્ક વધુ જાણીતી છે.ગ્રેટ વ્હાઈટ શાર્ક ,વ્હેલ શાર્ક ,હેમર હેડ શાર્ક ,ગ્રેટ વ્હાઈટ શાર્ક,હેમર હેડ શાર્ક આ બધીશાર્ક ગણાય છે તો માછલી પણ અમુક બાબતો માં તે માછલી કરતા જુદી છે.દરેક માછલીને શરીરમાં હાડપીન્જરનું માળખું હોય છે,જયારે શાર્કને નક્કર હાડપિંજર જ હોતું નથી.શાર્ક ને શરીરમાં અસ્થીને બદલે કાસ્થી એટલે કે રબ્બર જેવા ટીસ્યુ હોય છે.શરીરને કસોકસ મઢી લેતી મજબુત ત્વચા ભીતરી અવયવોને યથાસ્થાને જાળવી રાખે છે. શાર્ક જો સતત તર્યા ના કરે તો ડૂબવા માંડે છે. માછલી અને શાર્ક વચ્ચે તે બીજો ફરક છે.તારણ શક્તિ માટે કુદરતે દરેક માછલીને ગેસ ચેમ્બર જેવી સ્વીમ બ્લેડર જેવી સગવડ આપી છે.માછલી ધારે ત્યારે અને ધારે એટલા વાયુનો ભરાવો તેમાં કરી શકે છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



### બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતી કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**



પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય સુધી કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે. પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે. બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકાસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે.

પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા ંપણ સાબિત થઈ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે.

### સફળતા માટે ડરને બિલકુલ દુર કરો । સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફલોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર



તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



તેલંગાણા સરકારને સુપ્રીમ કોર્ટનો ફટકો

# ઓબીસી માટે ૪૨ ટકા અનામત પરના નિર્ણય પર સ્ટે

। નવીદિલ્હી, તા.૧૬ ।

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ઓબીસી માટે ૪૨ ટકા અનામતની માંગ કરતી તેલંગાણા સરકારની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. અગાઉ, તેલંગાણા હાઈકોર્ટે પણ રાજ્ય સરકારના નિર્ણય પર વચગાળાનો સ્ટે લગાવ્યો હતો. તેલંગાણા સરકારે હાઈકોર્ટના વચગાળાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. જો કે, હવે સુપ્રીમ કોર્ટે પણ નિરાશા વ્યક્ત કરી છે, અરજી ફગાવી દીધી છે.રાજ્ય સરકારની ખાસ અરજીને ફગાવી દેતા, ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે સ્પષ્ટતા કરી કે હાઈકોર્ટે યોગ્યતા પર નિર્ણય લેવો જોઈએ અને રાજ્ય સરકારની અરજીને ફગાવી દેવાથી પ્રભાવિત ન થવું જોઈએ. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ વિક્રમ નાથે રાજ્ય સરકારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ ડૉ. અભિષેક મનુ સિંઘવીને પૂછ્યું કે ચૂંટણી સૂચના પહેલાં અનામત બિલ કેમ રજૂ કરવામાં આવ્યું ન હતું. સિંઘવીએ જવાબ આપ્યો કે રાજ્યપાલે મંજૂરી આપ્યા વિના બિલને પેન્ડિંગ રાખ્યું હતું. સિંઘવીએ જણાવ્યું હતું કે તમિલનાડુના રાજ્યપાલના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી, બિલ "માન્ય સંમતિના આધારે" કાયદો બન્યો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કાયદાને કોઈપણ પડકાર વિના સ્ટે મેળવવામાં આવ્યો હતો.અગાઉ, તેલંગાણા હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત ટ્રિપલ ટેસ્ટના માળખામાં યોજવી જોઈએ.

અરજદારો બિહારમાં ચાલી રહેલી ખાસ સઘન સુધારણા પ્રક્રિયાને "વિક્ષેપિત અને અટકાવવા"નો પ્રયાસ કરી રહ્યા છે

# મતદારો બધું જ જાણે છે અને સંતુષ્ટ છે, પરંતુ એડીઆરને વિશ્લેષણ માટે તાત્કાલિક બધું જોઈએ છે : ચૂંટણી પંચ

**ભૂષણે કહ્યું કે જેમના નામ દૂર કરવામાં આવ્યા છે તેમની યાદી પણ જાહેર કરવી જોઈએ ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું, "અમને કોઈ શંકા નથી કે કમિશન તેની જવાબદારી નિભાવશે"**

। નવીદિલ્હી, તા.૧૬ ।

બિહાર એસઆઈઆર મામલે સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અરજદારો ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા માંગે છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદારો બધું જ જાણે છે અને સંતુષ્ટ છે, પરંતુ એડીઆરને વિશ્લેષણ માટે તાત્કાલિક બધું જ જોઈએ છે. પંચે જણાવ્યું હતું કે એક પણ અપીલ મળી નથી. આ પ્રક્રિયાનો પહેલો તબક્કો ૧૭ ઓક્ટોબરે પૂર્ણ થશે અને બીજો તબક્કો ૨૦ ઓક્ટોબરે પૂર્ણ થશે. ત્યારબાદ આ યાદી વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.





ભૂષણે કહ્યું કે જેમના નામ દૂર કરવામાં આવ્યા છે તેમની યાદી પણ જાહેર કરવી જોઈએ. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું, "અમને કોઈ શંકા નથી કે કમિશન તેની જવાબદારી નિભાવશે." ભૂષણે કહ્યું કે તે પ્રકાશિત થવું જોઈએ; અમે આ બાબતને બંધ કરી રહ્યા નથી.

ભૂષણે કહ્યું કે ૬૫ લાખ લોકોને દૂર કર્યા પછી, તેમણે કેટલાક વધુ લોકોને દૂર કર્યા છે, પરંતુ યાદી જાહેર કરવામાં આવી નથી. ન્યાયાધીશ કાંતે કહ્યું કે આ એક ચાલુ પ્રક્રિયા છે; યાદી હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવી નથી. ભૂષણે કહ્યું કે નિયમો મુજબ આ સંદર્ભમાં વાસ્તવિક સમયની પારદર્શિતા જરૂરી છે. કોઈ નવા નામોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ચૂંટણી પંચે કહ્યું કે મતદારો બધું જાણે છે. તેઓ ડેટા વિશ્લેષણની રાહ જોઈ શકે છે અને ભવિષ્યમાં ચૂંટણી પંચને માર્ગદર્શન આપી શકે છે.સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે ચૂંટણી પંચે જણાવ્યું હતું કે દાખલ કરેલા સોગંદનામામાં આ મુદ્દાને વ્યાપક રીતે સંબોધવામાં આવ્યો છે, પરંતુ તે અલગથી જવાબ આપશે. તેમણે પોતાનો જવાબ દાખલ કરવા માટે ૧૦ દિવસનો સમય માંગ્યો હતો, જે મંજૂર કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે તેમણે તેમના સોગંદનામામાં સમજાવ્યું હતું કે તેઓ કેવી રીતે સતત બનાવટી દસ્તાવેજો બનાવી રહ્યા છે. ખોટા દસ્તાવેજો સબમિટ કરવામાં આવ્યા હતા. જો તેઓ જવાબ આપવા માંગતા હોય, તો તેઓ જવાબ આપી શકે છે.

ભૂષણે જણાવ્યું હતું કે તેઓએ અગાઉ એક સોગંદનામું રજૂ કર્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે આવી કોઈ વ્યક્તિ નથી અને કોઈ ઈપીઆઈસી નંબર નથી. તેમણે પુષ્ટિ આપી હતી કે બધું સાચું છે, સિવાય કે તેમનું નામ ડ્રાફ્ટ રોલમાં નથી. તે જાન્યુઆરી ૨૦૨૫ માટે ડ્રાફ્ટ રોલમાં હતું. ડ્રોપ-ડાઉન મેનૂ સામાન્ય છે, તેથી તે સંદર્ભમાં ભૂલ હતી.

## પડોશીઓ બદલી શકતા નથી, અફઘાનિસ્તાન-પાકિસ્તાન યુદ્ધ પર ચીનનું નિવેદન

। બીજીંગ, તા.૧૬ ।

એક અઠવાડિયાની લડાઈ પછી અફઘાનિસ્તાન અને તાલિબાન વચ્ચે ૪૮ કલાકનો યુદ્ધવિરામ અમલમાં છે. જોકે, બંને પક્ષો તરફથી નાની-મોટી અથડામણોના અહેવાલો સામે આવી રહ્યા છે. દરમિયાન, ચીને પણ યુદ્ધવિરામ પર પ્રતિક્રિયા આપી છે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને જણાવ્યું હતું કે ચીને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના અસ્થાયી યુદ્ધવિરામ લાગુ કરવાના અને વાતચીત દ્વારા ઉકેલ શોધવાના નિર્ણયની નોંધ લીધી છે . આ બંને પક્ષોના સામાન્ય હિતોને પૂર્ણ કરે છે અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે અનુકૂળ છે. ચીન આ પગલાનું સ્વાગત કરે છે અને તેનું સમર્થન કરે છે.લિન જિયાને કહ્યું કે ચીને આ મુદ્દા પર વારંવાર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. રશિયા સહિત વિશ્વભરના દેશો સાથે ચીનનો વેપાર અને ઉર્જા સહયોગ સામાન્ય અને સંપૂર્ણપણે કાયદેસર છે. તેમણે ઉમેર્યું કે અમેરિકાનું વલણ એકપક્ષીય અને ગુંડાગીરીભર્યું રહ્યું છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય વેપાર નિયમોનું ઉલ્લંઘન થયું છે અને વિશ્વભરમાં ઉદ્યોગો અને પુરવઠા શૃંખલાઓની સ્થિરતામાં ખલેલ પહોંચી છે.તેમણે કહ્યું કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બંને ચીનના મૈત્રીપૂર્ણ પડોશી છે, જે પડોશીઓનું સ્થાન લઈ શકાતું નથી.

## હરભજન સિંહ અબુ ધાબી ટી ૧૦ લીગમાં જોડાયો અને નવી ટીમનો ભાગ બનશે

। મુંબઇ, તા.૧૬ ।

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર હરભજન સિંહ ફરી એકવાર મેદાન પર પોતાનો જાદુ ફેલાવવા માટે તૈયાર છે. આ વખતે, તે અબુ ધાબી ટી ૧૦ લીગમાં નવી અમીરાતી ફ્રેન્ચાઇઝ એસ્પિન સ્ટેલિયન્સનો ભાગ બનશે. હરભજન સિંહ એક મહાન સ્પિનર છે જેણે ટીમ ઈન્ડિયા માટે ૧૦૩ ટેસ્ટ મેચ રમી છે, જેમાં ૪૧૭ વિકેટો લીધી છે. તેની પાસે ૨૬૯ વનડે વિકેટો પણ છે. તેણે ૨૦૨૧ માં ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. ત્યારથી, તે વિશ્વભરની ફ્રેન્ચાઇઝ લીગમાં રમી રહ્યો છે. આ વર્ષે, તે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સમાં ઈન્ડિયા ચેમ્પિયન્સ ટીમનો ભાગ હતો. હરભજન જે ટીમ સાથે સંકળાયેલ છે, એસ્પિન સ્ટેલિયન્સ,એએમએચ સ્પોર્ટ્સ દ્વારા શરૂ કરવામાં આવી હતી અને તે પ્રથમ યુએઈ-માલિકીની ફ્રેન્ચાઇઝી છે. એસ્પિન સ્ટેલિયન્સ અબુ ધાબી સ્પોર્ટ્સ કાઉન્સિલ, અબુ ધાબી ટુરિઝમ અને અમીરાત ક્રિકેટ બોર્ડના સહયોગથી શરૂ કરવામાં આવી હતી. આ ટીમ અહેમદ ખૌરીની માલિકીની છે. ટી ૧૦ લીગ ૨૦૧૭ થી યોજાઈ રહી છે અને અત્યાર સુધીમાં આઠ સીઝન પૂર્ણ કરી ચૂકી છે. આ લીગમાં, દરેક મેચ ૧૦ ઓવરની હોય છે.

ચાર લોકોના મોત થયા હતા અને ૮૦ થી વધુ ઘાયલ થયા હતા

# લેહમાં ૨૨ દિવસ પછી તમામ પ્રતિબંધો હટાવાયા હિંસાના આરોપી ૬ નેતાઓને કોર્ટે જામીન આપ્યા

**જિલ્લા વહીવટીતંત્રે ૨૪ સપ્ટેમ્બરના રોજ લેહમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા હતા । જેમાં પાંચ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો**

। લેહ, તા.૧૬ ।

લદ્દાખના લેહ જિલ્લામાં અધિકારીઓએ ૨૨ દિવસ પછી પ્રતિબંધો હટાવ્યા છે. રાજ્યના દરજ્જાની માંગણી દરમિયાન થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસા બાદ આ પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જેમાં ચાર લોકોના મોત થયા હતા અને ૮૦ થી વધુ ઘાયલ થયા હતા. બીજા એક ઘટનાક્રમમાં, લેહમાં તાજેતરના હિંસક વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં ધરપકડ કરાયેલા છ અગ્રણી લદ્દાખ નેતાઓને કોર્ટે જામીન આપ્યા છે. જિલ્લા વહીવટીતંત્રે ૨૪ સપ્ટેમ્બરના રોજ લેહમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા હતા, જેમાં પાંચ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ, ત્યારથી હિંસાની કોઈ ઘટના નોંધાઈ નથી.



એક આદેશમાં, લેહ જિલ્લા મેજિસ્ટ્રેટ રોમિલ સિંહ દોનકે કહ્યું, "હું આ કચેરી દ્વારા ૨૪ સપ્ટેમ્બરના રોજ લાદવામાં આવેલા પ્રતિબંધોને તાત્કાલિક અસરથી પાછો ખેંચી લઉં છું." તેમણે સમજાવ્યું કે શાંતિ ભંગ અથવા જાહેર વ્યવસ્થામાં ખલેલ અટકાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ અમુક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે વરિષ્ઠ પોલીસ અધિક્ષકે બુધવારે એક અહેવાલ રજૂ કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે શાંતિ ભંગ અથવા જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવાનો કોઈ તાત્કાલિક ખતરો નથી અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધોને પાછા ખેંચવાની ભલામણ કરી હતી.લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સના અગ્રણી નેતા, આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુકની ૨૬ સપ્ટેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. સુરક્ષા દળો અને વિરોધીઓ વચ્ચે થયેલી અથડામણમાં ચાર લોકોના મોત અને ૯૦ ઘાયલ થયાના બે દિવસ બાદ આ ધરપકડ કરવામાં આવી હતી.હિંસા ભડકાવવાના આરોપસર વાંગચુકને રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને જોધપુર જેલમાં ખસેડવામાં આવ્યા હતા. તેઓ છેલ્લા પાંચ વર્ષથી લેહ અને કારગિલના રહેવાસીઓને રાજ્યનો દરજ્જો અને બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ બંધારણીય સુરક્ષાની માંગણી સાથે આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે.

રાકેશ કિશોર સામે અવમાનના કાર્યવાહી

## સીજેઆઇ પર જૂતું ફેંકનાર વકીલ સામે એટર્ની જનરલે અવમાનના કેસને મંજૂરી આપી

। નવીદિલ્હી, તા.૧૬ ।

મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોર માટે મુશ્કેલીઓ વધવાની છે. આનું કારણ એ છે કે તેમની સામે અવમાનનો કેસ દાખલ કરવામાં આવશે. એટર્ની જનરલે રાકેશ કિશોર સામે અવમાનના કાર્યવાહી શરૂ કરવા સંમતિ આપી છે.સોલિસિટર જનરલ તુષાર મહેતા અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ અને વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે કોર્ટને વિનંતી કરી કે મુખ્ય ન્યાયાધીશ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોર સામેના અવમાનના કેસની સુનાવણી કરવામાં આવે.આ સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટે દિવાળીની રજાઓ પછી કેસની સુનાવણી માટે સમય નક્કી કરવાનો નિર્દેશ આપ્યો છે. ગુરુવારે (૧૬ ઓક્ટોબર) ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચ સમક્ષ આ મામલો આવ્યો, જેમાં મુખ્ય ન્યાયાધીશ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોર સામેના અવમાનના કેસની સુનાવણી કરવાની વિનંતી કરવામાં આવી.વરિષ્ઠ વકીલ વિકાસ સિંહ અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને માહિતી આપી કે એટર્ની જનરલે આગળ વધવાની પરવાનગી આપી છે. સિંહે જણાવ્યું હતું કે ૬ ઓક્ટોબરના રોજ બનેલી ઘટનાએ સોશિયલ મીડિયા પર નોંધપાત્ર હોબાળો મચાવ્યો છે, જે સંસ્થાકીય અખંડિતતા અને ગૌરવને નબળી પાડે છે. બેન્ચે ટિપ્પણી કરી હતી કે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર સંપૂર્ણ નથી અને તેને અન્યની પ્રામાણિકતા અને ગૌરવના ભોગે છીનવી શકાય નહીં.નોંધનીય છે કે ૬ ઓક્ટોબરના રોજ, ૭૧ વર્ષીય વકીલ રાકેશ કિશોરે મુખ્ય ન્યાયાધીશ પર તેમના કોર્ટરૂમમાં જૂતું ફેંક્યું ત્યારે સુરક્ષામાં એક આઘાતજનક ખામી સર્જાઈ હતી. સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક વકીલની અટકાયત કરી હતી. જોકે, હોબાળા છતાં, મુખ્ય ન્યાયાધીશ શાંત રહ્યા અને કાર્યવાહી ચાલુ રાખી. મુખ્ય ન્યાયાધીશ ગવઈએ પણ આ ઘટનાને ભૂલી ગયેલો પ્રકરણ ગણાવ્યો હતો. વકીલની કાર્યવાહી બાદ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તાત્કાલિક અસરથી તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કરી દીધું હતું.

### ન્યૂઝ બ્રિફ



## પ્રધાનમંત્રીએ આંધ્રપ્રદેશના મલ્લિકાર્જુન સ્વામી મંદિરમાં પૂજા કરી, રુદ્રાભિષેકમ કર્યું

। વિશાખાપટ્ટનમ, તા.૧૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે આંધ્રપ્રદેશની મુલાકાતે આવ્યા હતાં. પ્રધાનમંત્રીએ નંદ્યાલ જિલ્લાના શ્રીશૈલમમાં શ્રી ભ્રમરમ્બા મલ્લિકાર્જુન સ્વામી વરલા દેવસ્થાનમમાં પ્રાર્થના કરી. ભાજપના નેતાઓએ અહેવાલ આપ્યો કે પ્રધાનમંત્રી મોદીએ પંચમુરાલુ (ગાયના દૂધ, ગાયના દૂધમાંથી બનેલું દહીં, ગાયનું ઘી, મધ અને ખાંડમાંથી બનેલું પવિત્ર મિશ્રણ) સાથે દેવતાનું રુદ્રાભિષેક કર્યું. મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ તેમની સાથે હતા. આંધ્રપ્રદેશનું મલ્લિકાર્જુન સ્વામી મંદિર ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક અને ૫૨ શક્તિપીઠોમાંથી એક છે. આ મંદિરની એક અનોખી વિશેષતા એ છે કે એક જ સંકુલમાં જ્યોતિર્લિંગ અને શક્તિપીઠનું સહઅસ્તિત્વ છે, જે તેને સમગ્ર દેશમાં તેના પ્રકારના એકમાત્ર મંદિરોમાંનું એક બનાવે છે.મંદિરની મુલાકાત લીધા પછી, પ્રધાનમંત્રી મોદી શ્રી શિવાજી ધ્યાન કેન્દ્ર, એક સ્મારક સંકુલની મુલાકાત લીધી. તેમાં ચાર ખૂણા પર સ્થિત ચાર પ્રતિષ્ઠિત કિલ્લાઓ પ્રતાપગઢ, રાજગઢ, રાયગઢ અને શિવનેરીના મોડેલો સાથેનો એક ધ્યાન ખંડ પણ શામેલ છે. મધ્યમાં ઊંડા ધ્યાન મુદ્રામાં છત્રપતિ શિવાજીની પ્રતિમા સ્થાપિત છે. શ્રી શિવાજી સ્મારક સમિતિ દ્વારા સંચાલિત, આ ધ્યાન ખંડ ૧૬૭૭ માં છત્રપતિ શિવાજીની આ પવિત્ર મંદિરની ઐતિહાસિક મુલાકાતની યાદમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો.આ પછી, પ્રધાનમંત્રી કુર્નૂલ ગયા હતાં અને વીજળી, સંરક્ષણ, રેલ્વે અને પેટ્રોલિયમ જેવા ક્ષેત્રોમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું.

## પાકિસ્તાનમાં ટ્રક પલટી જતાં એક જ પરિવારના ૧૫ લોકોના મોત

। ઇસ્લામાબાદ, તા.૧૬ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં એક દુઃખદ અકસ્માત થયો. ગુરુવારે એક ટનલ પાસે ટ્રક પલટી જતાં એક જ પરિવારના ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં આઠ અન્ય લોકો પણ ઘાયલ થયા હતા. બચાવ અધિકારીઓએ અકસ્માત અંગે માહિતી આપી છે.રેસ્ક્યુ ૧૧૨૨ ઈમરજન્સી સર્વિસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ અકસ્માત મલાકંદ જિલ્લામાં સ્વાત મોટરવે પર થયો હતો. બધા પીડિતો સ્વાતના બહેરીન તહસીલના જિબ્રલ વિસ્તારના એક વિચરતી પરિવારના હતા, જેઓ મોસમી રીતે વિવિધ વિસ્તારોમાં સ્થળાંતર કરે છે. અકસ્માતની માહિતી મળતાં, બચાવ સેવાઓ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બધાને જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ, બટખેલા લઈ જવામાં આવ્યા.હોસ્પિટલના ડોકટરોએ ૧૫ લોકોને મૃત જાહેર કર્યા, જ્યારે આઠ ઘાયલોને તાત્કાલિક તબીબી સંભાળ પૂરી પાડવામાં આવી. ગંભીર રીતે ઘાયલ ચારને બાદમાં વિશેષ સંભાળ માટે સ્વાત લઈ જવામાં આવ્યા. બચાવ સૂત્રો અનુસાર, મૃતકો અને ઘાયલોમાં પુરુષો, મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

## રાખી સાવંત અને પૂર્વ પતિ આદિલ દુર્રાની વચ્ચેનો વિવાદ ઉકેલાયો, હાઇકોર્ટે એફઆઇઆર રદ કરી

। મુંબઇ, તા.૧૬ ।

બોમ્બે હાઈકોર્ટે અભિનેત્રી રાખી સાવંત અને તેના પૂર્વ પતિ આદિલ દુર્રાની દ્વારા એકબીજા સામે દાખલ કરાયેલી ફરિયાદોને ફગાવી દીધી. હકીકતમાં, બંનેએ આ વિવાદનો શાંતિથી ઉકેલ લાવ્યો છે.સુત્રોના જણાવ્યા અનુસાર, ન્યાયાધીશ રેવતી મોહિતે ડેરે અને સંદેશ પાટીલે કહ્યું, "પરસ્પર સંમતિથી થયેલા સમાધાનને ધ્યાનમાં રાખીને, એફઆઈઆર પેન્ડિંગ રાખવાની કોઈ જરૂર નથી. એફઆઈઆર અને ત્યારબાદની ચાર્જશીટ રદ કરવામાં આવે છે." કોર્ટે જણાવ્યું હતું કે એફઆઈઆર વૈવાહિક વિવાદોને કારણે દાખલ કરવામાં આવી હતી.

## તેજસ્વી યાદવ પોતાના સોગંદનામામાં ૮.૧ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી

। પટણા, તા.૧૬ ।

આરજેડી નેતા તેજસ્વી યાદવે બિહાર વિધાનસભા ચૂંટણી માટે રાઘોપુર વિધાનસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. તેજસ્વી યાદવે તેમના ઉમેદવારી પત્ર દરમિયાન દાખલ કરેલા સોગંદનામામાં તેમની સંપત્તિનો ખુલાસો કર્યો હતો. સોગંદનામા મુજબ, તેજસ્વી યાદવ પાસે આશરે ૮.૧ કરોડની સ્થાવર અને જંગમ સંપત્તિ છે. દાખલ કરેલા સોગંદનામા મુજબ, તેજસ્વી યાદવની પત્ની, રાજશ્રી, જેને રશેલ આઈરિસ ગોડિન્હો તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમની પાસે ૧.૮૮ કરોડની સંપત્તિ છે.પોતાના ઉમેદવારીપત્ર સાથે રિટર્નિંગ ઓફિસર સમક્ષ દાખલ કરેલા સોગંદનામામાં યાદવે ખુલાસો કર્યો કે તેમની પાસે ૬.૧૨ કરોડની ચલ સંપત્તિ અને ૧.૮૮ કરોડની ચલ સંપત્તિ છે. તેમની પત્ની રાજશ્રી ૫૯.૬૯ લાખની સ્થાવર સંપત્તિ ધરાવે છે. સોગંદનામા મુજબ, તેજસ્વી પાસે કુલ ૧.૫ લાખ રોકડા છે, જ્યારે તેમની પત્ની પાસે ૧ લાખ રોકડા છે. આરજેડી નેતાના અનેક બેંક ખાતા અને દેવા ૫૫.૫૫ લાખ છે. આ દેવા તેમના ભાઈ તેજ પ્રતાપ યાદવ અને માતા રાબડી દેવી સાથે સંયુક્ત લોન છે. તેજસ્વી પાસે ૨૦૦ ગ્રામ સોનું છે, જ્યારે તેમની પત્ની પાસે ૪૮૦ ગ્રામ છે.જ્યારે તેમની પત્ની પાસે ૪૮૦ ગ્રામ સોનું અને ૨ કિલોગ્રામ ચાંદી છે.યાદવ ત્રીજી વખત રાઘોપુર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે અને હેટ્રિકનો લક્ષ્યાંક ધરાવે છે. તેમની પાર્ટી ભાજપ અને જેડી(યુ)ના નેતૃત્વ હેઠળના શાસક એનડીએ સામે ચૂંટણી લડી રહી છે.

**નક્સલવાદ સામે મોટી સફળતા** | ૧૭૦ નક્સલીઓએ આત્મસમર્પણ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાવાનો નિર્ણય લીધા બાદ આ મોટી જાહેરાત કરવામાં આવી

# અમિત શાહે અબુઝહમાદને નક્સલમુક્ત જાહેર કર્યું

।નવીદિલ્હી, તા.૧૬ ।

ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢના ઉત્તર બસ્તરમાં આવેલા અબુઝહમાડના પર્વતીય જંગલ વિસ્તારને નક્સલમુક્ત જાહેર કર્યો. ૧૭૦ નક્સલીઓએ આત્મસમર્પણ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાવાનો નિર્ણય લીધા બાદ આ મોટી જાહેરાત કરવામાં આવી. શાહે તેમનું સ્વાગત કરતા કહ્યું કે હિંસાનો ત્યાગ અને ભારતીય બંધારણમાં તેમની શ્રદ્ધા એક સાહસિક અને પ્રશંસનીય પગલું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી. તેમણે લખ્યું કે છત્તીસગઢમાં આજે ૧૭૦ નક્સલીઓએ, ગઈકાલે ૨૭ અને મહારાષ્ટ્રમાં ૬૧ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું. બે દિવસમાં કુલ ૨૫૮ કટ્ટર નક્સલીઓએ હિંસા છોડી દીધી છે. શાહે કહ્યું કે આ દર્શાવે છે કે મોદી સરકારની રણનીતિને કારણે, નક્સલવાદ હવે લુપ્ત થવાના આરે છે. સરકારના મતે, આ ઘટનાઓ દેશમાં ડાબેરી ઉગ્રવાદના અંત તરફ એક પગલું દર્શાવે છે.

અમિત શાહે જણાવ્યું હતું કે છત્તીસગઢમાં અબુઝહમાડ અને ઉત્તર બસ્તર, જે એક સમયે નક્સલ આતંકનો ગઢ હતો, તેને હવે સંપૂર્ણપણે નક્સલમુક્ત જાહેર કરવામાં આવ્યા છે. નક્સલવાદીઓ હવે ફક્ત દક્ષિણ બસ્તરના કેટલાક વિસ્તારોમાં જ રહ્યા છે, જેનો પણ ટૂંક સમયમાં નાશ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે અમારી નીતિ સ્પષ્ટ છે:



આત્મસમર્પણ કરનારા નક્સલીઓનું સ્વાગત છે, પરંતુ જે લોકો હથિયાર ઉપાડવાનું ચાલુ રાખે છે તેમને સુરક્ષા દળો દ્વારા કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે.

અમિત શાહે એમ પણ કહ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૪ માં છત્તીસગઢમાં ભાજપ સરકારની રચના થયા પછી, ૨,૧૦૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, ૧,૭૮૫ ની ધરપકડ કરવામાં આવી છે અને ૪૭૭ ને તટસ્થ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ બધું ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવાના સંકલ્પ તરફ એક નક્કર પગલું છે. શાહે તમામ નક્સલવાદીઓને હિંસાનો ત્યાગ કરવા, શસ્ત્રો મૂકવા અને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા અને દેશની પ્રગતિમાં ભાગીદાર બનવા અપીલ કરી હતી.આ દરમિયાન, ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે કહ્યું હતું કે વિદેશમાં છુપાયેલા ગુનેગારોના પરત (પ્રત્યાર્પણ)ને ઝડપી બનાવવા માટે દરેક રાજ્યમાં આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરતી એક ખાસ જેલ બનાવવી જોઈએ. વધુમાં, જે ગુનેગારો સામે ઈન્ટરપોલ રેડ નોટિસ જારી કરવામાં આવી છે તેમના પાસપોર્ટ રદ કરવા જોઈએ જેથી તેઓ વિશ્વભરમાં મુક્તપણે ફરી ન શકે.

અમિત શાહે સીબીઆઈ દ્વારા "ભાગેડુ ગુનેગારોનું પ્રત્યાર્પણઃ પડકારો અને વ્યૂહરચના" શીર્ષક હેઠળ આયોજિત એક પરિષદમાં આ ટિપ્પણી કરી હતી. શાહે કહ્યું હતું કે જ્યાં સુધી ભાગેડુઓ ભારતીય કાયદાથી ડરતા નથી ત્યાં સુધી રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરી શકાતી નથી.

શાહે કહ્યું કે વિજય માલ્યા, નીરવ મોદી અને મેહુલ ચોકસી જેવા ઘણા ભાગેડુઓ વિદેશી અદાલતોમાં દલીલ કરે છે કે ભારતીય જેલો આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરતી નથી અને તેથી તેમનું પ્રત્યાર્પણ ન કરવું જોઈએ.

# અફઘાન-તાલિબાન સામે પાક. ઝૂક્યું ૪૮ કલાક માટે શસ્ત્ર વિરામ જાહેર








ઈસ્લામાબાદ : અફઘાન તાલિબાને પાકિસ્તાની સૈન્યને ભારે હંફાવી છે. જેને પગલે ભીસમાં આવેલા પાકિસ્તાની સૈન્યએ શસ્ત્ર વિરામની જાહેરાત કરી હતી. જેથી બાદમાં અફઘાન તાલિબાન પણ ૪૮ કલાક માટે શસ્ત્ર વિરામ માટે તૈયાર થયું હતું. આ સાથે જ પાક.-અફઘાન સરહદે હાલ તો શાંતિ છે પરંતુ પાકિસ્તાને દાવો કર્યો છે કે તેણે અફઘાનિસ્તાનના ૪૦ સૈનિકોને ઠાર માર્યા છે. જ્યારે અફઘાનિસ્તાનનો દાવો છે કે તેણે પાક.ના અનેક વિસ્તારો અને સૈન્ય પોસ્ટ પર કબજો કરી લીધો છે. મંગળવાર રાતથી જ બંને દેશો વચ્ચે સામ-સામા ગોળીબારો અને રોકેટ હુમલા થઈ રહ્યા છે અને સરહદ ઉપર યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. બુધવારે પાકિસ્તાનના મિસાઈલ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત કુલ ૧૫ અફઘાન નાગરિકોનાં મોત થયા છે. તાલિબાનોનો એક ટુપ-કમાન્ડર પણ તેમાં માર્યો ગયો છે. સામેની બાજુએ પાકિસ્તાનનાં ૬ સૈનિકો માર્યા ગયા છે.પાકિસ્તાનનો દાવો છે કે અફઘાનિસ્તાને તેમની ઉપર કશી પણ ઉશ્કેરણી વિના અમારી તરફ ગોળીબારો શરૂ કર્યા હતા. તેના વળતા જવાબરૂપે અમે સામા હુમલા શરૂ કર્યા છે. પૂરી તાકાતથી અમે તેમનો સામનો કરી રહ્યા છીએ. ખાસ કરીને ઉત્તર-પશ્ચિમના કુર્રમ વિસ્તારમાં સૌથી વધુ નુકસાન તેઓની ફોરવર્ડ પોસ્ટસ તોડી નખાઈ છે. પાકિસ્તાનની એક ટેન્કનો પણ ખુર્દો કરાયો છે. તાલિબાનોએ નાની ટેન્કો પણ ઉતારી હોવાનું કહેતા બ્લુમ્બર્ગ પાકિસ્તાન સરકાર હસ્તકના રેડીયોને ટાંકતાં આ અહેવાલો આપ્યા છે.

## બાવન વર્ષની વયે મલાઈકા આઈટમ સોંગમાં । બે કરોડની ફી વસૂલી



। મુંબઇ, તા.૧૬ ।

મલાઈકા અરોરાએ આગામી ફિલ્મ 'થામા'માં એક આઈટમ સોંગ કર્યુ છે. ફક્ત ત્રણ મિનીટનાં આ સોંગ માટે તેણે બે કરોડ રુપિયા વસૂલ્યા હોવાનું કહેવાય છે. ફિલ્મમાં આયુષમાન ખુરાના તથા રશ્મિકા મંદાના મુખ્ય કલાકારો છે. જોકે, ફિલ્મમાં નાનો મોટો રોલ કરનારા અન્ય કેટલાય કલાકારો કરતાં મલાઈકાને ફક્ત આ ગીત માટે જ વધારે પૈસા મળ્યા છે. બોલીવૂડમાં હાલ આઈટમ સોંગ માટે નોરા ફતેહી અને તમન્ના ભાટિયા સૌથી વધુ ડિમાન્ડમાં હોવાનું મનાય છે. જોકે, બાવન વર્ષની મલાઈકા હજુ પણ આ યુવા ડાન્સર્સને હંફાવી રહી છે. મલાઈકાએ છેક ૧૯૯૮માં આવેલી 'દિલ સે ' ફિલ્મ માટે 'છૈયાં છૈયાં ' સોંગ કર્યુ હતું. ત્યારથી અત્યાર સુધી તે અનેક હિટ આઈટમ સોંગ આપી ચૂકી છે. આ વયે પણ તેની ફીટનેસ અનેક યુવાન અભિનેત્રીઓને ઈર્ષા કરાવે તેવી છે. મલાઈકા અરોરાએ આગામી ફિલ્મ 'થામા'માં એક આઈટમ સોંગ કર્યુ છે. ફક્ત ત્રણ મિનીટનાં આ સોંગ માટે તેણે બે કરોડ રુપિયા વસૂલ્યા હોવાનું કહેવાય છે. ફિલ્મમાં આયુષમાન ખુરાના તથા રશ્મિકા મંદાના મુખ્ય કલાકારો છે. જોકે, ફિલ્મમાં નાનો મોટો રોલ કરનારા અન્ય કેટલાય કલાકારો કરતાં મલાઈકાને ફક્ત આ ગીત માટે જ વધારે પૈસા મળ્યા છે.

અનેક કંપની અને સંસ્થા પર કેટલીક રોક લગાવી દીધી

## બ્રિટને રશિયાની ઓઈલ કંપનીઓ સામે મૂક્યો પ્રતિબંધ । ભારતની કંપની સામે પણ કાર્યવાહી

**બ્રિટન સરકારે કહ્યું કે, આવું એટલે કરવામાં આવ્યું છે કારણકે, યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે પુતિનના નાણાંકીય સંસાધનોને કમજોર કરી શકાય**

। લંડન, તા.૧૫ ।

બ્રિટને રશિયાના તેલ વેપારને સિમિત કરવા માટે અનેક કંપની અને સંસ્થા પર કેટલીક રોક લગાવી દીધી છે, જેમાં ભારતની ખાનગી તેલ રિફાઈની નાયરા એનર્જી લિમિટેડ પણ સામેલ છે. બ્રિટન સરકારે કહ્યું કે, આવું એટલે કરવામાં આવ્યું છે કારણકે, યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે પુતિનના નાણાંકીય સંસાધનોને કમજોર કરી શકાય.ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપ મેન્ટ ઓફિસએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નવા પ્રતિબંધોનો હેતુ પુતિનના યુદ્ધ ભંડોળના કેન્દ્રને ટાર્ગેટ કરવનાનો છે. આ પ્રતિબંધો વૈશ્વિક ઊર્જા બજારોમાં રશિયાની પહોંચને મર્યાદિત કરવામાં અને તેલની આવકને અવરોધવામાં મદદ કરશે. હ્લઝ્રર્ડ્ઢ એ જણાવ્યું હતું કે, ''આજની કાર્યવાહી પુતિનના આવકના સ્રોતોને કાપી નાખવાની સરકારની સંપૂર્ણ પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેમાં રશિયન કંપ નીઓ અને તેમના વૈશ્વિક સમર્થકોનો સમાવેશ થાય છે.''

બ્રિટનના નવા પ્રતિબંધોની યાદીમાં ચીનમાં ચાર તેલ ટર્મિનલ, રશિયન ક્રૂડ ઓઈલ વહન કરતા ૪૪ ટેન્કર અને ભારતની નાયરા એનર્જીનો સમાવેશ થાય છે. તેનો દાવો છે કે નાયરાએ ૨૦૨૪માં રશિયા પાસેથી ૧૦૦



મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ આયાત કર્યુ હતું, જેની કિંમત ૫ બિલિયન યુએસ ડોલરથી વધુ હતી.નવા પ્રતિબંધોમાં થાઈલેન્ડ, સિંગાપોર, તુર્કીયે અને ચીનની કંપનીઓનો પણ સમાવેશ થાય છે. આ કંપનીઓ પર રશિયાની લશ્કરી સપ્લાય ચેઈનને ઈલેક્ટ્રોનિક ઘટકો પૂરા પ ડવાનો આરોપ છે જેનો ઉપયોગ યુક્રેન સામે છોડવામાં આવતા ડ્રોન અને મિસાઈલોમાં થાય છે.નવા પ્રતિબંધોની સીધી અસર રશિયાની મુખ્ય તેલ કંપનીઓ, રોઝનેફ્ટ અને લુકોઈલ પર પણ પડશે. યુકે સરકારના જણાવ્યા અનુસાર, રોઝનેફ્ટ એકલા રશિયાના લગભગ અડધા તેલ ઉત્પાદન અને વૈશ્વિક ઉત્પાદનના ૬ ટકાને નિયંત્રિત કરે છે.

બ્રિટિશ વિદેશ સચિવ ઈવેટ કૂપરે સંસદમાં જણાવ્યું હતું કે, ''યુરોપ આ નિર્ણાયક સમયે દબાણ વધારી રહ્યું છે. યુકે અને અમારા સાથીઓ પુતિનના તેલ, ગેસ અને શેડો ફ્લિટ સામે કાર્યવાહી કરી રહ્યા છે અને જ્યાં સુધી તેઓ તેમના યુદ્ધ પ્રયાસો છોડી નહીં દે ત્યાં સુધી તેઓ પીછેહઠ કરશે નહીં.''

બ્રિટનની આ જાહેરાત રશિયાના ઊર્જા અઠવાડિયા દરમિયાન કરી, જેમાં પુતિન બિન-પશ્ચિમી દેશોને પોતાની ઊર્જા નિકાસને વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. FCDOએ કહ્યું કે, આ પ્રતિબંધ રશિયાના ક્રૂડ અને ગેસ વિના નવા બજારની શોધમાં પ્રયાસોને કમજોર કરવા માટે છે.

ટાપુ રાષ્ટ્રમાં સૈન્ય સત્તા સંભાળી રહ્યું

## મેડાગાસ્કરમાં ગુસ્સે ભરાયેલા યુવાનોએ સરકાર ઉથલાવી દીધી

**મેડાગાસ્કરમાં જનરલ ઝેડ સભ્યો દ્વારા કરવામાં આવેલા હિંસક વિરોધ પ્રદર્શનોએ રાજકીય ઉથલપાથલ મચાવી**

। મેડાગાસ્કર, તા.૧૬ ।

મેડાગાસ્કરમાં જનરલ ઝેડ સભ્યો દ્વારા કરવામાં આવેલા હિંસક વિરોધ પ્રદર્શનોએ રાજકીય ઉથલપાથલ મચાવી છે. સંસદે રાષ્ટ્રપતિ એન્ડ્રી રાજોએલિના સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર કર્યો છે. હાલમાં, પરિસ્થિતિ એવી બની ગઈ છે કે હિંદ મહાસાગરમાં સ્થિત આ ટાપુ રાષ્ટ્રમાં સૈન્ય સત્તા સંભાળી રહ્યું છે.મેડાગાસ્કરમાં જનરલ ઝેડ ચળવળ અને સૈનિકો દ્વારા કરવામાં આવેલા બળવાને કારણે રાષ્ટ્રપતિ પહેલાથી જ દેશ છોડીને ભાગી ગયા છે. આ સ્થિતિમાં, હવે સ્પષ્ટ થઈ ગયું છે કે રાષ્ટ્રપતિ એન્ડ્રી રાજોએલિનાનો સાત વર્ષનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. મેડાગાસ્કરમાં જનરલ-ઝેડ વિરોધ પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ વધુ ખરાબ થઈ જ્યારે એક લશ્કરી ટુકડી પ્રદર્શનોમાં જોડાઈ. પ્રદર્શન દરમિયાન, લશ્કરના સભ્યોએ રાષ્ટ્રપતિ અને મંત્રીઓના રાજીનામાની માંગણી કરી. મેડાગાસ્કરના ચુનંદા લશ્કરી એકમના કર્નલ માઈકલ રેન્ડ્રીયાનિરીનાએ કહ્યું કે લશ્કર લશ્કરી અને અર્ધલશ્કરી કાયદા અમલીકરણ દળોના અધિકારીઓની બનેલી એક કાઉન્સિલ બનાવશે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં નાગરિક સરકાર બનાવવા માટે એક નવા વડા પ્રધાનની નિમણૂક કરવામાં આવશે.મેડાગાસ્કરમાં વારંવાર પાણી અને વીજળીના સપ્લાય બંધ થવાના વિરોધમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. આ વિરોધ પ્રદર્શનો બાદમાં ભ્રષ્ટાચાર, બેરોજગારી, ફુગાવા અને શિક્ષણની નબળી સ્થિતિ સામે ગુસ્સામાં ફેરવાઈ ગયા હતા.મેડાગાસ્કરમાં, લગભગ ૭૫ ટકા લોકો ગરીબીમાં જીવે છે. મૂળભૂત જરૂરિયાતોની તીવ્ર અછત છે, અને ભ્રષ્ટાચાર વસ્તીને પીડાય છે. જનરલ ઝેડ વિરોધીઓને સૈન્ય તરફથી સમર્થન મળ્યું છે, જેનાથી પરિવર્તનની આશા જાગી છે. મેડાગાસ્કરમાં જનરલ ઝેડ સભ્યો દ્વારા કરવામાં આવેલા હિંસક વિરોધ પ્રદર્શનોએ રાજકીય ઉથલપ ાથલ મચાવી છે. સંસદે રાષ્ટ્રપતિ એન્ડ્રી રાજોએલિના સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર કર્યો છે. હાલમાં, પરિસ્થિતિ એવી બની ગઈ છે કે હિંદ મહાસાગરમાં સ્થિત આ ટાપુ રાષ્ટ્રમાં સૈન્ય સત્તા સંભાળી રહ્યું છે.મેડાગાસ્કરમાં જનરલ ઝેડ ચળવળ અને સૈનિકો દ્વારા કરવામાં આવેલા બળવાને કારણે રાષ્ટ્રપતિ પહેલાથી જ દેશ છોડીને ભાગી ગયા છે.

## શ્રદ્ધાની સતી પ્રથા પરની પહાડપાંગિરાનું આવતાં વર્ષે શૂટિંગ



। મુંબઇ, તા.૧૬ ।

શ્રદ્ધા કપૂરે સતી પ્રથા પરની ફિલ્મ 'પહાડપ ાંગિરા' છોડી દીધી હોવાની અટકળો હતી. પરંતુ, હવે અપડેટ મુજબ શ્રદ્ધાએ ફિલ્મ છોડી નથી અને તે આવતાં વર્ષથી આ ફિલ્મનું શૂટિંગ કરવાની છે.તે આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપ રાંત ક્રિએટિવ પ્રોડયૂસર તરીકે પણ કામ કરશે. ફિલ્મમાં સતી પ્રથાના સંદર્ભમાં ફેમિનિમિઝમનો સબ્જેક્ટ હોવાનું કહેવાય છે. આ ફિલ્મ પણ કેટલીક લોકકથાઓ આધારિત હશે. 'તુમ્બાડ' ફિલ્મ બનાવનારા અનિલ રાહી બર્વે આ ફિલ્મનું દિગ્દર્શન કરવાના છે. થોડા મહિના પહેલાં એવી ચર્ચા હતી કે શ્રદ્ધાએ તારીખોની સમસ્યાને કારણે આ ફિલ્મ છોડી દીધી છે. જોકે, હવેની ચર્ચા મુજબ શ્રદ્ધાએ ફિલ્મ છોડી નથી પરંતુ તે તત્કાળ શૂટિંગ કરી શકે તેમ નથી. આથી આ ફિલ્મનું શૂટિંગ શિડયૂલ આવતાં વર્ષના મધ્યભાગમાં ગોઠવાયું છે. શ્રદ્ધા કપૂરે સતી પ્રથા પરની ફિલ્મ 'પહાડપાંગિરા' છોડી દીધી હોવાની અટકળો હતી. પરંતુ, હવે અપડેટ મુજબ શ્રદ્ધાએ ફિલ્મ છોડી નથી અને તે આવતાં વર્ષથી આ ફિલ્મનું શૂટિંગ કરવાની છે.તે આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા ઉપરાંત ક્રિએટિવ પ્રોડયૂસર તરીકે પણ કામ કરશે. ફિલ્મમાં સતી પ્રથાના સંદર્ભમાં ફેમિનિમિઝમનો સબ્જેક્ટ હોવાનું કહેવાય છે. આ ફિલ્મ પણ કેટલીક લોકકથાઓ આધારિત હશે. 'તુમ્બાડ' ફિલ્મ બનાવનારા અનિલ રાહી બર્વે આ ફિલ્મનું દિગ્દર્શન કરવાના છે.

## ચીનમાં ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું

। બીજીંગ, તા.૧૫ ।

ભારતના પડોશી દેશ ચીનમાં ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા. સવારે ૮:૪૫ વાગ્યે ચીનના શિનજિયાંગ પ્રાંતમાં ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, શિનજિયાંગમાં ૪.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ અક્ષાંશઃ ૪૧.૬૫ ઉત્તર, રેખાંશઃ ૮૧.૧૪ પૂર્વ પર હતું. તેની ઊંડાઈ જમીનથી માત્ર ૧૦ કિલોમીટર નીચે હતી.૯ ઓક્ટોબરના રોજ ચીનના દક્ષિણપશ્ચિમ સિચુઆન પ્રાંતમાં અગાઉ ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી.

ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટર અનુસાર, ભૂકંપ ગાંઝી તિબેટીયન સ્વાયત્ત પ્રીફેક્ચરના ઝિનલોંગ કાઉન્ટીમાં આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ કાંગડિંગ શહેરથી લગભગ ૨૧૬ કિલોમીટર દૂર હતું અને તેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હતી.

સોમવારે રાત્રે ૯:૨૮ વાગ્યે ભારતના લદ્દાખના લેહ ક્ષેત્રમાં ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. એનસીએસ અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ કારગિલ નજીક, લેહથી લગભગ ૨૮૪ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં, અક્ષાંશ ૩૬.૬૮° એન અને રેખાંશ ૭૪.૩૯° ઈ પર હતું. ભૂકંપની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હતી. આ ભૂકંપના આંચકા સ્થાનિક સ્તરે અનુભવાયા હતા.

## મેક્સિકોથી શરૂ કરી અલાસ્કા સુધી ભારે વર્ષા, પૂર અનેક ગામો જળમગ્ન । મેક્સિકોમાં ભારે વર્ષાથી ૬૦થી વધુના મોત

। એન્કરેજ, તા.૧૬ ।

એલાસ્કાના તટીય વિસ્તારોમાં તેજ હવા અને ભારે વર્ષાને લીધે હાઈએલર્ટ જાહેર કરાયો છે. રાષ્ટ્રીય મોસમ સેવાના સમુદ્રીય પૂર્વાનુમાન પ્રમાણે ગલ્ફ ઓફ એલાસ્કા, કોડીયાક દ્વિપ તથા કૂક ઈનવેર જેવા વિસ્તારોમાં તોફાનની ચેતવણી અપાઈ છે.અમેરિકાનાં પ ેસિફિક તટના કેટલાંયે શહેરોમાં ભારે વરસાદ અને પૂરોએ વ્યાપક તબાહી કરી દીધી છે. સમુદ્ર તટીય વિસ્તારોમાં ૫૫ થી ૧૦૨ કી.મી.ની ઝડપે વાવાઝોડા સાથે વરસાદની ચેતવણી અપાઈ છે.વાસ્તવમાં હમણાં જ આવેલા ટાઈફન હેવોંગને લીધે પ્રભાવિત યુએસના દક્ષિણ પશ્ચિમ તટ પરના યુકોન-કુસ્કોકીમ ડેલ્ટામાં ભારે વરસાદ અને તેજ હવાઓને લીધે બુનિયાદી સંરચનાઓને ક્ષતિ પ હોંચી છે. (ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સને ઘણું ડેમેજ થયું છે) ૧૫૦૦થી વધુ લોકો બેઘર બન્યા છે. કેટલાયે લોકોને પ્રાદેશિક શહેર બેથે (વસ્તી ૬૦૦૦)ના લોકોને નેશનલ ગાર્ડઝના આશ્રય કેન્દ્રોમાં લઈ જવાયા છે.અધિકારીઓ વિસ્થાપિ તોને ફેર-બેન્કસ અને એન્કરેજનાં આશ્રય સ્થાનોમાં લઈ ગયા છે. સૌથી વધુ પ્રભાવિત ગામો, કીપનુક (વસ્તી ૭૧૫) અને ક્વિગિવિંગોક (વસ્તી, ૩૮૦) છે તે ગામો રાજ્યની મુખ્ય સડકથી કપાઈ ગયેલા છે.મેક્સિકો ઉપર પણ વાવાઝોડાએ કેર વર્સાવ્યો છે. તેના પશ્ચિમ તટ પર ફરી વળેલાં વાવાઝોડાને લીધે ૬૦થી વધુનાં મોત થયા છે. કલાકના ૫૫ થી ૧૦૨ કી.મી.ની ઝડપે ફુંકાયેલા પવનોએ મંગળવારે અનેક વૃક્ષો ધરાશાયી કરી દીધા છે. જ્યારે વીજળીના થાંભલા પણ તૂટી પડતાં અંધારપટ છવાઈ ગયો છે.એલાસ્કાના તટીય વિસ્તારોમાં તેજ હવા અને ભારે વર્ષાને લીધે હાઈએલર્ટ જાહેર કરાયો છે.


દુનિયા ફરતે પ્રદક્ષિણા કરતાં માનવસર્જિત ઉપગ્રહોની સંખ્યા સતત વધી રહી છે

૨૦૧૯ અને ૨૦૨૫ દરમ્યાન અંતરિક્ષમાં પરિભ્રમણ કરતાં ઉપગ્રહો વચ્ચે અથડામણ ટાળવા માટે દર મહિને સરેરાશ ૩૪૦ સેટેલાઇટ્સની દિશા બદલવાની કામગીરી કરવી પડી હતી

## હવે અંતરિક્ષમાં પણ ટ્રાફિક જામ । સેટેલાઈટનો ખડકલો સર્જાતા અકસ્માતની સંભાવના વધી

। નવી દિલ્હી, તા.૧૬ ।

વિવિધ કંપનીઓ અને દેશો દ્વારા સ્પેસમાં મોકલવામાં આવતાં સેટેલાઈટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે હવે અંતરિક્ષમાં પણ ટ્રાફિક જામની સમસ્યા થવા માંડી છે. ૨૦૧૯ અને ૨૦૨૫ દરમ્યાન અંતરિક્ષમાં પરિભ્રમણ કરતાં ઉપગ્રહો વચ્ચે અથડામણ ટાળવા માટે દર મહિને સરેરાશ ૩૪૦ સેટેલાઈટ્સની દિશા બદલવાની કામગીરી કરવી પડી હતી. ૨૦૧૯ માં ૨૦૦૦ કિમીથી ઓછી ઉંચાઈએ પરિભ્રમણ કરતાં ઉપગ્રહોની સંખ્યા ૧૩૭૦૦ હતી જે ૨૦૨૫માં વધીને ૨૪૧૮૫ થઈ ગઈ હતી જે ૭૬ ટકાનો વધારો દર્શાવે છે.દુનિયા ફરતે પ્રદક્ષિણા કરતાં માનવસર્જિત ઉપગ્રહોની સંખ્યા સતત વધી રહી છે. એક અંદાજ અનુસાર આ દાયકાના અંત સુધીમાં આવા ઉપગ્રહોની સંખ્યા વધીને ૭૦૦૦૦ નો આંક વટાવી જશે. જે ૨૦૧૯ માં અંતરિક્ષમાં પૃથ્વીની ફરતે ઘુમતાં સેટેલાઈટ્સની સંખ્યા કરતાં પાંચ ગણી વધારે છે. જર્નલ એક્ટા એસ્ટ્રોનોટિકાના ઓક્ટોબરના અંકમાં પ્રકાશિત અભ્યાસમાં જણાવ્યા અનુસાર પૃથ્વીથી ૪૦૦ થી ૬૦૦ અને ૭૦૦ થી ૮૦૦ કિમીની ઉંચાઈએ આવેલી પરિભ્રમણ કક્ષા જેને લો અર્થ



ઓર્બિટ તરીકેઓળખાવવા આવે છે તેમાં નોંધપાત્ર રીતે ટ્રાફિક વધ્યો છે જેને કારણે મહિનામાં કમ સે કમ દસવાર સટેલાઈટ એકમેકને અથડાઈ ન પડે તેની કામગીરી હાથ ધરવી પ ડે છે. અંતરિક્ષમાં આ ટ્રાફિક જામની સમસ્યાને કારણે બળતણનો વ્યય થાય છે. તેને કારણે ભાવિ મિશનના આયોજનની સમસ્યા પણ ઉભી થાય છે. આમ સરતચૂકથી પણ સેટેલાઈટ વચ્ચે અથડામણ થવાની સંભાવનાઓમાં અનેકગણો વધારો થયો છે. બે મોટા ઉપગ્રહો વચ્ચે અથડામણ થાય તો તેના કારણે અંતરિક્ષમાં મોટાપાયે કાટમાળ સર્જાવાની સંભાવના રહે છે. જો આવી અથડામણ થાય તો આગળપાછળના અન્ય સેટેલાઈટ્સ પણ અથડાઈ પ ડવાની સંભાવના વધી જાય છે. આ અભ્યાસમાં ઉપગ્રહ છોડવા માટે સંકલન સાધવા પર ભાર મુકવામાં આવ્યો છે. ઉપગ્રહ ઓપરેટર દ્વારા પણ સંકલન વધારવામાં આવે તેવી સલાહ પણ આ અભ્યાસમાં આપવામાં આવી છે. હવે એવો સવાલ થવા માંડયો છે કે આ રીતે સતત ઉપગ્રહો છોડયા કરવાનું કેટલું સલામત રહ્યું છે. વિવિધ કંપનીઓ અને દેશો દ્વારા સ્પેસમાં મોકલવામાં આવતાં સેટેલાઈટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે હવે અંતરિક્ષમાં પણ ટ્રાફિક જામની સમસ્યા થવા માંડી છે. ૨૦૧૯ અને ૨૦૨૫ દરમ્યાન અંતરિક્ષમાં પરિભ્રમણ કરતાં ઉપ ગ્રહો વચ્ચે અથડામણ ટાળવા માટે દર મહિને સરેરાશ ૩૪૦ સેટેલાઈટ્સની દિશા બદલવાની કામગીરી કરવી પડી હતી.

૬ દેશોમાં શાસન કરવું મુશ્કેલ

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ જે પારંપરિક રીતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી રકમ પ્રાપ્ત કરનારી એજન્સી છે

## અમેરિકાએ સહાય બંધ કરતા લાખો લોકો સામે ભૂખમરાંનું સંકટ

। વોશિગ્ટંન, તા.૧૬ ।

સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય સહાયતા એજન્સીએ બુધવારે જણાવ્યું હતું કે તેમના ટોચના દાનકર્તાઓ દ્વારા દાન-સહાયની રકમમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવતા છ દેશોમાં તેમના કામકાજ પર વિપરિત અસર પડી રહી છે અને ચેતવણી આપી છે કે લગભગ ૧.૪ કરોડ લોકો ઈમરજન્સી સ્તરે ભૂખમરાનો સામનો કરી રહ્યાં છે.વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ જે પારંપ રિક રીતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી રકમ પ્રાપ્ત કરનારી એજન્સી છે. આ એજન્સીએ પોતાના નવા રિપોર્ટમાં જણાવ્યું છે કે ચાલુ વર્ષે તેના ભંડોળની સ્થિતિ પ્રથમ વખત ખૂબ જ પડકારજનક રહી છે. જેનું મુખ્ય કારણ ટ્રમ્પ વહીવટી



તંત્ર હેઠળ અમેરિકા અને અન્ય પ્રમુખ પ શ્ચિમી દાનકર્તાઓ દ્વારા ખર્ચમાં ઘટાડો છે. એજન્સીએ ચેતવણી આપી છે કે દાનની રકમમાં ઘટાડાને કારણે તેના ૧.૩૭ કરોડ ખાદ્ય સહાયતા પ્રાપ્તકર્તા ઈમરજન્સી સ્તરના ભૂખમરાનો સામનો કરી શકે છે.

એજન્સીએ જણાવ્યું છે કે જે છ દેશોમાં કામકાજ પર વિપરિત અસર પડી રહી છે તેમાં અફઘાનિસ્તાન, કાંગો, હેતી, સોમાલિયા, દક્ષિણ સુદાન અને સુદાનનો સમાવેશ થાય છે.

ડબ્લ્યુએફપીએ જણાવ્યું છે કે તેને ચાલુ વર્ષે ૪૦ ટકા ઓછું દાન મળવાની શક્યતા છે. જેના કારણે અંદાજિત બજેટ ૬.૪ અબજ ડોલર રહી જશે. ગયા વર્ષે તેને લગભગ ૧૦ અબજ ડોલર મળ્યા હતાં. વૈશ્વિક ભૂખમરો અગાઉથી જ રેકોર્ડ સ્તરે છે. ૩૧.૯ કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યાં છે. ગાઝા અને સુદાનમાં દુકાળ પડયો છે. એજન્સીએ જણાવ્યું છે કે અફઘાનિસ્તાનમાં ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહેલા લોકો પૈકી ૧૦ ટકાથી પણ ઓછા લોકો સુધી ખાદ્ય સહાયતા પ હોંચી રહી છે. જેના કારણે આવા લોકોને ખબર નથી કે તેમને આગામી ભોજન ક્યાથી મળશે.ડબ્લ્યુએફપીને ચાલુ વર્ષે અમેરિકા પાસેથી ૧.૫ અબજ ડોલર મળવાની આશા છે ગયા વર્ષે આ રકમ લગભગ ૪.૫ અબજ ડોલર હતી.સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય સહાયતા એજન્સીએ બુધવારે જણાવ્યું હતું કે તેમના ટોચના દાનકર્તાઓ દ્વારા દાન-સહાયની રકમમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવતા છ દેશોમાં તેમના કામકાજ પર વિપ રિત અસર પડી રહી છે અને ચેતવણી આપી છે કે લગભગ ૧.૪ કરોડ લોકો ઈમરજન્સી સ્તરે ભૂખમરાનો સામનો કરી રહ્યાં છે.વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ જે પારંપ રિક રીતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી રકમ પ્રાપ્ત કરનારી એજન્સી છે. આ એજન્સીએ પોતાના નવા રિપોર્ટમાં જણાવ્યું છે કે ચાલુ વર્ષે તેના ભંડોળની સ્થિતિ પ્રથમ વખત ખૂબ જ પડકારજનક રહી છે.

### ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે

# ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણને લઈ કોંગ્રેસે ઉઠાવ્યા સવાલો

**પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ વિસ્તરણને લઈને સવાલો ઉઠાવ્યા । તેમણે ખાસ કરીને મંત્રીમંડળમાંથી પડતા મુકાયેલા મંત્રીઓ અંગે પ્રશ્નો કર્યા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. નવા મંત્રીઓની શપથવિધિ માટેની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ બધાની વચ્ચે કોંગ્રેસે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. અમિત ચાવડાએ મંત્રીમંડળના વિસ્તરણ અંગે આકરી પ્રતિક્રિયા આપી છે.ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણના પગલે કોંગ્રેસે તીખી પ્રતિક્રિયા આપી છે અને અનેક સવાલો ઉઠાવ્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ વિસ્તરણને લઈને સવાલો ઉઠાવ્યા છે. તેમણે ખાસ કરીને મંત્રીમંડળમાંથી પડતા મુકાયેલા મંત્રીઓ અંગે પ્રશ્નો કર્યા છે.અમિત ચાવડાએ સરકાર પાસે સ્પષ્ટતા માગતા કહ્યું કે, જેમનો મંત્રીમંડળમાં ફરી સમાવેશ ન કરાયો તેનું ચોક્કસ કારણ સરકાર જણાવે. અગાઉના મંત્રીઓના રાજીનામા કેમ લેવાયા તેનું પણ સરકાર કારણ આપે. ચાવડાએ બચુ ખાબડ જેવા મંત્રીના ભ્રષ્ટાચારનાં દાખલા લોકો સામે હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસે આ વિસ્તરણને લઈને સરકારની નીતિ અને પડતા મુકાયેલા મંત્રીઓના પરફોર્મન્સ પર સવાલો ઉઠાવી, સરકાર પર પ્રહાર કર્યા છે.ગુજરાતના રાજકારણને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલના નિવાસ સ્થાને મળેલી મહત્વની બેઠક પૂર્ણ થઈ છે. મુખ્યમંત્રી સાથે તમામ મંત્રીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી સિવાય તમામ મંત્રીઓના રાજીનામા લેવાયા છે. મુખ્યમંત્રી સિવાય તમામ ૧૬ મંત્રીઓના રાજીનામા લેવામાં આવ્યા છે. ગુજરાતના મંત્રીઓએ આપેલા રાજીનામ રાજ્યપાલને સોંપવામાં આવશે. તમામના રાજીનામ તૈયાર હતા. મંત્રીઓએ રાજીનામામાં સહી કરી હતી. અન્ય કોઈપણ પ્રકારની સૂચના આપવામાં આવી નથી. મંત્રીમંડળના તમામ સભ્યો છે. પ ક્ષના કહેવાથી તમામે રાજીનામા આપ્યા છે. સૌપ્રથમ રાજીનામું જગદીશ વિશ્વકર્માએ આપ્યું હતું.તેમણે ઓફિસ ખાલી કરી છે અને પોતાની કાર પણ પરત કરી છેમંત્રીમંડળના પદનામિત સભ્યોની સોગંદવિધિના કાર્યક્રમની નિમંત્રણ પત્રિકા પણ છપાઈ ગઈ છે. આ કાર્યક્રમ ૧૭ ઑક્ટોબરના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે યોજાશે. સામાન્ય વહીવટ વિભાગે આ નિમંત્રણ પત્રિકા તૈયાર કરી છે, જેમાં નિમંત્રિતોને કાર્યક્રમ શરૂ થવાના ૩૦ મિનિટ પહેલા બેઠક ગ્રહણ કરી લેવા જણાવાયું છે.મુખ્યમંત્રી નિવાસસ્થાને પદનામિત મંત્રીઓની મહત્વપૂર્ણ બેઠક મળશે. બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા પદનામિત મંત્રીઓને સંબોધન કરશે. બેઠક બાદ મુખ્યમંત્રી નિવાસસ્થાને પદનામિત મંત્રીઓ અને રાજીનામાં આપનાર મંત્રીઓનો ભોજન સમારંભ યોજાશે.








રાષ્ટ્રીય મહામંત્રી, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે. બેઠક બાદ મુખ્યમંત્રી રાજ્યપાલ સાથે મુલાકાત કરી નવા મંત્રીમંડળનું લીસ્ટ સોંપશે. ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. નવા મંત્રીઓની શપથવિધિ માટેની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ બધાની વચ્ચે કોંગ્રેસે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. અમિત ચાવડાએ મંત્રીમંડળના વિસ્તરણ અંગે આકરી પ્રતિક્રિયા આપી છે.ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણના પગલે કોંગ્રેસે તીખી પ્રતિક્રિયા આપી છે અને અનેક સવાલો ઉઠાવ્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ વિસ્તરણને લઈને સવાલો ઉઠાવ્યા છે. તેમણે ખાસ કરીને મંત્રીમંડળમાંથી પડતા મુકાયેલા મંત્રીઓ અંગે પ્રશ્નો કર્યા છે.અમિત ચાવડાએ સરકાર પાસે સ્પષ્ટતા માગતા કહ્યું કે, જેમનો મંત્રીમંડળમાં ફરી સમાવેશ ન કરાયો તેનું ચોક્કસ કારણ સરકાર જણાવે.

**મંત્રીમંડળનું વિસ્તરણ અને ફેરબદલ**

**નવથી વધુ મંત્રીઓને મંત્રીમંડળમાંથી દૂર કરવામાં આવે તેવી શક્યતા । રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ૧૨ થી વધુ ધારાસભ્યોને શપથ લેવડાવશે, જે તેમને મંત્રી તરીકે ફરજો અને જવાબદારીઓ સંભાળવાની બંધારણીય સત્તા આપશે । દિલ્હીમાં વડા પ્રધાનના નિવાસસ્થાને ગુજરાત ભાજપના નેતાઓ વચ્ચે પાંચ કલાકની મેરેથોન બેઠકના ત્રીજા દિવસે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરબદલ અંગેનું ચિત્ર સ્પષ્ટ થયું**

# આજે મહાત્મા મંદિર ખાતે ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળનો શપથ ગ્રહણ સમારોહ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

શુક્રવારે મંત્રીમંડળનું વિસ્તરણ અને ફેરબદલ કરવામાં આવશે. નવથી વધુ મંત્રીઓને મંત્રીમંડળમાંથી દૂર કરવામાં આવે તેવી શક્યતા છે. તેથી, ગુરુવારે તેમના રાજીનામા સ્વીકારવામાં આવશે. બાદમાં, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ૧૨ થી વધુ ધારાસભ્યોને શપથ લેવડાવશે, જે તેમને મંત્રી તરીકે ફરજો અને જવાબદારીઓ સંભાળવાની બંધારણીય સત્તા આપશે. રાજ્યપાલ હાલમાં હરિયાણામાં છે અને આજે બપોરે ગાંધીનગર પહોંચશે.

દિલ્હીમાં વડા પ્રધાનના નિવાસસ્થાને ગુજરાત ભાજપના નેતાઓ વચ્ચે પાંચ કલાકની મેરેથોન બેઠકના ત્રીજા દિવસે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરબદલ અંગેનું ચિત્ર સ્પષ્ટ થયું છે. બુધવારે સાંજે, વિધાનસભામાં શાસક પક્ષના મુખ્ય દંડક અને નાયબ દંડકએ તમામ ભાજપના ધારાસભ્યોને બોલાવ્યા અને તેમને બે દિવસ ગાંધીનગરમાં રહેવાનો નિર્દેશ આપ્યો

ભાજપના ધારાસભ્યો ગાંધીનગર પહોંચતાની સાથે જ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળી શકે છે. તેઓ તેમના મંત્રીમંડળમાંથી બરતરફ કરાયેલા મંત્રીઓના રાજીનામાની યાદી અને નિયુક્ત મંત્રીઓના નામ પણ રજૂ કરશે. દિલ્હીમાં પ્રધાનમંત્રી આવાસ ખાતે સોમવારે યોજાયેલી મેરેથોન બેઠક બાદ, ભાજપમાં કોને દૂર કરવામાં આવશે અને કોને પદ મળશે તે અંગે તણાવ વધી રહ્યો છે. પરિણામે, મંત્રીઓ સતત ત્રીજા દિવસે ગોલ્ડન કોમ્પ્લેક્સમાંથી ગેરહાજર રહ્યા.

સામાન્ય વહીવટ વિભાગના પ્રોટોકોલ વિભાગે માર્ગ અને મકાન વિભાગ પાસેથી ચોક્કસ વિગતો માંગી હતી. તેમાં જણાવાયું હતું કે ગોલ્ડન કોમ્પ્લેક્સ ૧-૨ માં ૩૦ મંત્રી ખંડોમાંથી ૧૪ ખાલી છે, અને મંત્રી નિવાસમાં ૪૦ બંગલામાંથી ૧૨ ખાલી છે. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં ૧૬ મંત્રીઓ છે – આઠ કેબિનેટ મંત્રીઓ અને આઠ રાજ્ય સ્તરના મંત્રીઓ. બંધારણ મુજબ, મંત્રી પરિષદ ૨૭ હોઈ શકે છે, જેમાં મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે. વિસ્તરણ પછી, ૨૧ વધુ મંત્રીઓ અને છ વિધાનસભા બેઠકોના ઉમેરા સાથે, ૧૬૨ ભાજપના ધારાસભ્યોમાંથી દરેક છઠ્ઠા કે સાતમા ધારાસભ્યને મંત્રી અથવા સમકક્ષ પદ મળશે.





## મંત્રીમંડળ વિસ્તરણ વચ્ચે રાજ્યના ડાંગ જિલ્લા ભાજપમાં ગાબડું । પૂર્વ ધારાસભ્ય સહિત કાર્યકરોના ભાજપને રામ રામ

। પ્રતિનિધિ, ડાંગ, તા.૧૬ ।

ગુજરાતમાં નવા મંત્રી મંડળના વિસ્તરણ વચ્ચે ડાંગ જિલ્લાની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ડાંગના રાજકારણમાં આજે એક મોટો અને મહત્વનો ફેરફાર જોવા મળ્યો છે. ડાંગના પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી સમાજના અગ્રણી નેતા મંગળ ગાવિતે ભાજપ સાથેના પોતાના ટૂંકા સમયમાં આજે પૂર્ણવિરામ મૂકી દીધું છે. ગાવિતે ફરી એકવાર કોંગ્રેસનો હાથ પકડી ‘ઘર વાપસી’ કરી છે, જેના કારણે જિલ્લા ભાજપમાં મોટું ગાબડું પડ્યું છે.ગાવિત માત્ર એકલા જ કોંગ્રેસમાં જોડાયા નથી, પરંતુ મોટી સંખ્યામાં પોતાના સમર્થકો સાથે તેમણે કોંગ્રેસનું સભ્યપદ લીધું છે. આ ઘટના કોંગ્રેસ માટે ડાંગ જિલ્લામાં મોટી સફળતા અને આવકાર્ય સંકેત છે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નેતા અમિત ચાવડાના હસ્તે ખેસ ધારણ કરીને મંગળ



ગાવિતે વિધિવત રીતે કોંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો. મંગળ ગાવિતની સાથે ભાજપના અન્ય સક્રિય કાર્યકરોએ પણ કોંગ્રેસમાં જોડાયા છે, જે ભાજપ માટે મોટો ફટકો ગણી શકાય. કોંગ્રેસમાં જોડાનાર કાર્યકરોની વાત કરીએ તો દીપક પીપળે, જેઓ હાલમાં આહવા તાલુકા પંચાયતના સભ્ય છે, તેમનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લા પંચાયતના સભ્ય લાલભાઈ અને આદિવાસી સમાજના અગ્રણી નેતા વસંતભાઈ પણ કોંગ્રેસમાં જોડાયા છે. આ તમામ નેતાઓનું કોંગ્રેસમાં જોડાણ એ માત્ર વ્યક્તિગત નહીં, પરંતુ જમીની સ્તરે સંગઠન માટે એક મોટી તાકાત ગણાશે. પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિતની કોંગ્રેસમાં ઘર વાપસી થતાંની સાથે જ સ્થાનિક કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ અને જોશ જોવા મળી રહ્યો છે. કાર્યકરો માની રહ્યા છે કે ગાવિતના અનુભવ અને જનસંપર્કથી ડાંગ જિલ્લામાં કોંગ્રેસને ફરી મજબૂત બનાવવામાં મદદ મળશે. આગામી સમયમાં આ ફેરફાર ડાંગ જિલ્લાના રાજકીય સમીકરણો પર કેવો પ્રભાવ પાડે છે, તે જોવું રસપ્રદ રહેશે. ગુજરાતમાં નવા મંત્રી મંડળના વિસ્તરણ વચ્ચે ડાંગ જિલ્લાની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ડાંગના રાજ-કારણમાં આજે એક મોટો અને મહત્વનો ફેરફાર જોવા મળ્યો છે.

# ગુજરાતના ભાજપના તમામ ધારાસભ્યો, મંત્રીઓને બે દિવસ ગાંધીનગરમાં રહેવા સૂચના અપાઈ ।

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ ગુજરાતની મુલાકાત લઈ શકે

**સચિવાલયમાં એવી ચર્ચા છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અમદાવાદમાં છે । જ્યારે સૌરાષ્ટ્રને બાજુ પર રાખવામાં આવ્યું હોય તેવું લાગે છે**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાત મંત્રીમંડળનું વિસ્તરણ શુક્રવારે થશે. શપથ ગ્રહણ સમારોહ ૧૭ ઓક્ટોબર, શુક્રવારના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે વિજય મુહૂર્ત દરમિયાન થશે. સામાન્ય રીતે દર બુધવારે યોજાતી મંત્રીમંડળની બેઠક આજે યોજાઈ ન હતી; તેના બદલે, તે આવતીકાલે, ગુરુવારે યોજાશે.

ભાજપના તમામ ધારાસભ્યો અને મંત્રીઓને બે દિવસ ગાંધીનગરમાં રહેવાની સૂચના આપવામાં આવી છે. તેમને ગુરુવાર બપોર સુધીમાં હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. મંત્રીમંડળમાં સ્થાન મેળવવા માંગતા ધારાસભ્યોને ફોન આવવા લાગ્યા છે. સૂત્રો સૂચવે છે કે આવતીકાલે બપોર સુધીમાં મંત્રીમંડળમાંથી રાજીનામા અપેક્ષિત છે, અને શુક્રવારે સવારે નવા મંત્રીમંડળની જાહેરાત કરવામાં આવશે.રાષ્ટ્રીય મહામંત્રી સુનીલ બંસલ રાત્રે કમલમ ખાતે બેઠક કરશે. સુનીલ બંસલ બે દિવસ ગુજરાતમાં રહેવાની ધારણા છે.એવી ચર્ચા છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ ગુજરાતની મુલાકાત લઈ શકે છે.

રાજ્યપાલની વતન મુલાકાત ટૂંકી કરવામાં આવી છે, રાત્રે પાછા આવી શકે છે. ગુજરાતમાં મોટા મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચા વચ્ચે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત ટૂંકી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યપાલ તેમના વતન કુરુક્ષેત્રની મુલાકાતે છે. કુરુક્ષેત્રની તેમની મુલાકાત ૧૬ ઓક્ટોબરે પૂર્ણ થવાની હતી. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ આજે રાત સુધીમાં ગાંધીનગર પાછા આવી શકે છે.

આજે ગોલ્ડન કોમ્પ્લેક્સમાંથી મંત્રીઓ ગેરહાજર રહ્યા. મંત્રીમંડળના વિસ્તરણ વચ્ચે, ગઈકાલે, મંગળવાર અને આજે બુધવારે ગોલ્ડન કોમ્પ્લેક્સમાંથી મંત્રીઓ ગેરહાજર રહ્યા હતા. સચિવાલયમાં એવી ચર્ચા છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અમદાવાદમાં છે, જ્યારે સૌરાષ્ટ્રને બાજુ પર રાખવામાં આવ્યું હોય તેવું લાગે છે. વધુમાં, આપના ગોપાલ ઈટાલિયા સૌરાષ્ટ્રમાં આગળ છે. પરિણામે, સૌરાષ્ટ્રને પણ વધુ તકો મળશે. જયેશ રાદડિયા અને જીતુભાઈ પટેલને કેબિનેટ સ્થાન મળવાનું નિશ્ચિત છે.જોકે, ભૂતપૂર્વ પ્રમુખ અને ભૂતપૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણીને ગૃહ વિભાગ મળી શકે છે.

## ગુજરાત રાજ્યના કેટલાક મંત્રીઓના પત્તા કપાશે તો કેટલાકના ઘરે ફટાકડાં ફૂટશે

ગુજરાતના રાજકારણ માટે આવતીકાલ (૧૭ ઓક્ટોબર ૨૦૨૫)નો દિવસ નવી દિશા આપનારો રહેશે. નવા મંત્રીમંડળમાં કોને સ્થાન મળશે અને કોનું પત્તું કપાશે તેનું ચિત્ર જાહેરાત સાથે જ સ્પષ્ટ થશે.ગાંધીનગર ખાતે મંત્રીમંડળમાં ફેરફારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આવતીકાલે એટલે કે શુક્રવારના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ યોજાવાનો છે, ત્યારે નવા મંત્રીમંડળમાં કેટલાક ધારાસભ્યોના નામ હોટ ફેવરિટ છે.સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્ર ઉપર ખાસ ભાર મુકાઈ શકે છે. હાલમાં સૌરાષ્ટ્રમાં ભાનુબેન બાબરીયા અને મૂળુ બેરાના નામ કપાઈ શકે છે તો ભાનુબેન બાબરિયાની જગ્યાએ રીવાબા જાડેજાને સ્થાન મળી શકે છે. મૂળુ બેરાના બદલે ઉદય કાનગડ અથવા ત્રિકમ છાંગાને સ્થાન મળી શકે છે.કુંવરજી બાવળિયાની પાસે ૨ ખાતા હોવાથી માત્ર એક જ ખાતું પાણી પુરવઠા જ રહી શકે છે. અન્ન અને નાગરિક પુરવઠામાં જીતુ વાઘાણી અથવા મહેશ કશવાલાની નિમણૂક થઈ શકે છે. ડે.ઝર અથવા સહકારીતા મંત્રી તરીકે જયેશ રાદડિયાએ સૌરાષ્ટ્રમાંથી મોટી જવાબદારી મળી શકે છે.મધ્ય ગુજરાતના વડોદરા, પંચમહાલમાંથી પણ પસંદગી થઈ શકે છે. વડોદરાના ચાર ધારાસભ્યોના નામ હોટ ફેવરિટ હોય તેવું કહેવાય રહ્યું છે. વડોદરામાંથી રાવપુરા વિધાનસભાના ધારાસભ્ય બાળુ શુક્લા, સયાજીગંજ વિધાનસભાના ધારાસભ્ય કેયુર રોકડિયા, અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈનુ નામ ચર્ચામાં



કેન્દ્રમાં છે. શહેર વિધાનસભા મનિશાબેન વકીલ તેમજ મોરવા હડફના ધારાસભ્ય નિમિષા સુથારને પણ મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે.જો દક્ષિણ ગુજરાતની વાત કરવામાં આવે તો હાલ ૫ મંત્રીઓ સરકારમાં છે. મંત્રી પ્રફુલ પાનસેરીયા રાજીનામું આપે તો વિનુ મોરડિયાને ચાન્સ મળી શકે છે.

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya